ખ્યાલ સાગર ભાગ બીજો.

રાજકઠીયારો તથા રાજાબાઈ ટાવરના ખ્યાલ સાથે.



કાનુડા તહારી કામણકર

મૂલ્ય માત્ર આ

ખ્યાલ સાગર.

૧૭૪૧૯

ભાગ ૨ જો.

સ્ત્રી ચરીત્ર.

સોઆદત શેઠનો ખ્યાલ.

(રંગત મેરી જાનની ઝડપી.)

નારી ઘડીમાં પંડી જાય૦ સામંતી ઘડીમાં થાય (મારી જાન)
કાન દઈ સમજો કરો સઉ ક્યાસ*
એક યારને સારૂ નારી૦ નાંખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાઓ પાસ*
કોઈ એક શેહેર મોઝારે૦ રેહેતો તો એક સાવકારે૦ (મારીજાન)
હતો તેને પાશે પઇશો અપાર*
ઘણા બંગલા વાડી ઘર૦ હતો નાનો એક કુંવર૦
તેથી રાખે બાપ બહુ પીયાર*

કોઈ બીજા શેહેરમાં ભાઈ૦ કુંવરની કરીતી સગાઇ (મારીજાન,
જોઈ પોતા સરખું ઘરબાર*
બચપણુથી પરણાવી૦ દીધા છેડા બંધાવી૦
હતા નાના ઘણા નર નાર*

બેનમાઈ.

શેઠનું નામ સાધનવંત૦ માતાનું નામ પરભાવંત૦
પુત્રનું નામ શોમદત્ત૦ કહુ સતથી સુદાંમજી*
અસરાનું નામ સાનવલ૦ નંદી સાસુ નામ અસલ૦
કહું સઉના હું નામ અટલ૦ ગંગા હતુ વહુંનું નામજી*

ચાલ જોડી.

તમો સમજો ભાઈયો કાન દઈને જ્ઞાની,
પેહેલી કહું છઉં સોમદત્તની કાહાણી;
પછી પીતાયે દીધી સીખ ભણવાની.
જાયે ભણવા નીશાલે આજ્ઞા પીતાની માની.

દોહા.

ચઉદ વીદ્યા ચોશઠ કલા ભણી થયો હુશીયાર,
પછી પીતાયે ગુરૂજીને આપ્યો માલ અપાર,

શેર.

પછી આઠ વરસની ઉમરનો થયો સોમદત્ત કહું વાતજી.

સુકી નામી શોમદતને સુવો તેનો તાતજી;
જોઇ જોઈ પુત્રને રૂવે ઘણી તેની માતજી,
એ હરી તેં શું કરી હમણા પતીની ઘાતજી.
વેહેવાર ચાલે મુનીમ મેતાનો૦ મારો પુત્ર ઘણો છે નાનો૦
(મારી જાન)

માટે થાશે પઈશાનો નાશ*
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦ ૧
થઇ સતી બલ્યાઓ પાસ*
ગયા બાર માશ પછી વીતી૦ ગઇ બદલી સઉનીનીતી૦(મારીજાન)

દબાવા લાગ્યા સઉ ધન માલ*
હતા મુનીમ મેતા ચાકર૦ તેતો થઇને બેઠા ઠાકર૦
કરયા શેઠને બહુ કંગાળ*
જ્યારે સમજી સસરે કાહાની૦ કરી મદત ઘણી પઇસાની૦
(મારી જાન)

તેનોબી નાશ થયો તતકાલ*
સઉનો ચડી ગયો પગાર૦ નીકલ્યા સઉ કરી તકરાર૦
કરીયા માત પુત્રના હાલ*

બેનમાઇ.

થયો મોટો ઘણેરો જુવાન૦ ત્યારે આવ્યું પાછલનું જ્ઞાન,
ગઇ ક્યાં પેહેડીયો દુકાન૦ નથી કંઈ માલ [illegible]*

કહે માતા સમજ કુંવર નથી કંઈ ઘરમા માલ જર૦
કોઈ ચાકરી તું કર જે નથી ખાવાને અનજી*

ચાલ છોટી.

અન વસ્ત્ર સારૂ ગામમાં ફરવા લાગ્યો૦
કોઈ એક શેઠની ચાકરી કરવા લાગ્યો,
પોતાની માતનું પેટ ભરવા લાગ્યો,
જેમ તેમ કરીને સંકટ હરવા લાગ્યો.

દોહા.

કહે માત સુણ દીકરા તારી વહુ છે તેડી લાવ,
જા ઉજણ તું શેહેરમાં રાખી સગુણ સત ભાવ,
વચન માની માતનું ગયો ઉજણ મોજારજી
પોહચ્યો સસરાને ઘેરે વાગ્યાતા રાતના બારજી,
ઓટલાપર સુઈ રહું એવો કરીયો વીચારજી,
જઈશ સવારે ઘરમાં હું જયારે ઉઘડસે દુવારજી.
સજીને સોલ સણગારે૦ બાહાર નીકલી તેની નારે૦ (મારીજાન)
આવી જયાં કીધો પતીએ વાસ
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ઘણીને મારી,
થઈ સતી બધાઓ પાસ
હવે વાત કહું અબલાની૦હતી કોઇયારપરદીવાની૦(મારીજાન)
રાખ્યો તો કોઈ ફકીર યારે

જ્યારે થતી અરધી રાત૦ લેતી ચાકરને સાથ.
જાતીતી ગામ બાહારે
તે દીવસે ન મલ્યો ચાકર૦ માટે એકલી નીકલી સુંદર૦(મારીજાન)
સુતો ઓટલાપર ભરથારે
ઓલખ્યા વગર જગાડયો૦ જાણી મુશાફર ઉઠાડયો૦
ઓલખી પતીએ ઝટ નાર

ભેનમાઈ.

અલ્યા ઊઠ મારી જોડે ચાલ૦ લે સલગાવી આ મસાલ૦
હાથમા તારા જલદી ઝાલ૦ ચાલ મારી તું જોડેજી
આપીસ મેહેનતના રૂપીઆ બે૦ પતી કહે હમણા મને દે૦
નારી કહે ચાલી વાંહાલે૦ ફરૂં નહીં કહું છું મોઢેજી

ચાલ છોટી.

લઈ મસાલ હાથમાં ચાલ્યો પુઠે ભરથાર.
તલવાર ઢાલ લઈ આગલ ચાલી નારે,
મલ્યા સાત ચોર રસતામાં કરે વીચારે,
આ આપણે સારૂં આવ્યું કોઈ સીકારે

દોહા.

જોઇ ચોરને ઝાડને એ થે સંતાયો ભરથાર,
હવે રાંડનું આવ્યું મોત એવો નીશ્ચે કર્યો વીચાર.

શેર.

સાતો ચોર આડા થયા અધવચમાં સેહી નારજી.

ઉતાર દાગીના લુગડા જલદી નકર કોઈ વારજી,
ઉભા રહો પુંઠ ફેરવી અબલાનો હું અવતારજી.
પુંઠ ફેરવતા કીધા સાતો જણુને ઠારજી.
પછીપતીયે ચાકુ કહાડી ૭કાપી નાક લીધા સંતાડી૦ (મારીજાન)
પછી ચાલ્યો આગલ તે ખાસ
એક ચારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાઓ પાસ
વળીચાલ્યા આગળ જયારે૭દીઠો વાઘ વચોવચ ત્યારે૦(મારીજાન)
જોઈ વાઘનું રૂપ વીકરાળ
પતીએ વાત વીચારી૦ હવે મરસે મારી નારી૦
આગળ બેઠો નારનો કાળ
વાઘનેબી નાખ્યોમારી૦ત્યાંથી આગળ ચાલી નારી (મારીજાન)
તેનાબી કાપી કાન તતકાળ
હતા નાક ચોરના પેલા૦ કાન મેલ્યા તેના ભેલા૦
જોઈ અજબ થયો તેની ચાલ

બેનબાઇ.

જોઇ હીમત તે નારની૦ ગઈ સુધ તે ભરથારની૦
જોઉં ઝુંપડી હું ચારની૦ એવો કીધો વીચારજી
જોઈ નદી થોડીએક દુર૦ આવ્યું તું પાણીનું બહુ પુર૦
જાવું તું નારીને જરૂર૦ થઈ તરી પેલે પારજી૦

ચાલ છોટી.

જોઇ સુકી જગા ગયો નારને પાછળ ચાલી,
જોઇ ઝુંપડી ફકીરની ઉભી નાર મતવાલી,
કહે પતી રૂપીઆ બે જાવો મને આલી,
કહે નાર ન તારી મેહેનત જશે ખાલી.

દોહા.

જઇ આવું છું હમણા હું રાખ જરા વીશવાસ.
નહીં તો લે કંગણુ મારૂં રાખતું તારી પાસ.

શેર.

કંગણુ દઇ નારી ગઇ માંહી જ્યાં શાંઇની ખાટલી
ખાટલી પાસે હતી પાણી પીવાની માટલી,
માટલી બાજુ હતી એક બેસવાની પાટલી,
બસ શોમદતે બાહારથી જોઈ નજરે ચીજો આટલી,

કહે ફકીર મેરી પ્યારી૦તું હુએ જાન જીગરકી ક્યારી(મારીજાન)
તેરે બીન મેરા જી રહે ઉદાસ,
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાઓ પાસ.
કહે ફકીર મોરી જાની૦એક બાત તું સુનલે સ્યાની (મેરીજાન)
પાની નહી ઉપરશે લા.વ
તેરે બીના નહી હુએ સુખ૦ મુજકો લગી ઉચાટે ભુખ૦

ઉસ લીએ તુ ખાના પકાવ૦
શંગ દોનુ ખાયેંગે ખાના૦મુજે ખીલાકે ઘરકો જાના(મેરીજાન)
જાવો જલદી મત દેર લગાવ૦
કહે નારી હું છું દાસી૦હુમણા રસોઇ બનાઉ ખાસી૦
કરૂં પુરો તમારો ભાવ૦
ઉઠી એટલું તે કહીને૦ ઘડો પાંણીનો લઈને૦
નદી કીનારે જઈને૦ લાગી ભરવાને પાંણીજી
સોમદત રહી ગયો પાછ઼૦ આ૦યોમાંહી ખાટલી આગળ૦
કીધો ફકીરને ઝટ કતલ૦ દયા ન દીલમાં આણીજી*

ચાલ છોટી.

ચડી ગયો તાડની ઉપર ફકીરને મારી,
એટલામાં પાણી લઇને આવી નારી,
કરી રસોઈ યારને સારૂ સારી, સારી,
પછી ઉઠાડવા લાગી ફકીરને પ્યારી.

દોહા.

ઉઠાડતાને વાર ભરાયા લોહીમા તેના હાથ,
અય પતી કેમ થઇ ગતી કોણે તારી ઘાત,

શેર.

માથના બાલો પીંખે કુટે છાતી રોય નારજી,
મન મોતી મને મેલીને ગયા કાં હૈયાના હારજી,
બચપણાંની પ્રીત તુટી જાવે વનમાળારજી,

હજી સુધી નથી ભોગવ્યો મારો ખરો ભરથારજી,
મારી વીસ વરસની ઉમર૦ હજી નથી જોયુ પીયુનું ઘર ૦(મારીજાન)
યાર તે તોડી મારી આસ.
એક યારને સારૂ નારી૦ નાંખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાઓ પાસ. ૫
તે મનમા ક્રોધ બહુ આંણી૦ લીધું નારે હાથમાં પાણી૦ (મારીજાન
લઉછું આજથી એવું પણ*
તારા મરનારને મારૂં૦ લઉ પુરૂવેર તારૂ ૦
તારૂં કરીશ હું તૃપ્ત મન*
પછી નારી એ ખોદી માટી૦ ખોદી ખાડો ને મેલ્યો દાટી૦(મારીજાન)
ફકીરને કીધો તેમા દફન*
વીતી ગઈ પોણી રાત૦ થાવા આવી છે પ્રભાત૦
નારી ચાલી કરતી રૂદન*

બેનબાઇ,

શોમદત ઉતર્યો તાડથી૦ ફકીરને કાહાડયો ખાડથી૦
ગયો બાંધીને ઝાડથી૦ ચાલ્યો પોતાને દેશજી*
થઈ તે દનની અરધી રાત૦ લઇ ખંજરને ઢાલ હાત૦
નાર આંવી ત્યાં એકાંત૦ છુટા મુકીને કેશજી*

છોટી.

જોયો ઝાડને સાથે યારને તે બાંધેલો,

છોડચો નારે હાતથી ચારને વેહલો વેલો,
દાટચો જેમાં જે ખાડો ખોદયોતો પેલો,
ચાલી નારી પાછલ શોગ કરીને છેલો.

દોહા.

એ વાત ઈહાંથી પછી કહીશ કહુ શોમદતની વાત,
આવ્યો શોમદત ઘર વીશે પુછે તેની માત.

શેર.

કંગણુ માતને આપીને કહી વાત સઉ તે ગાંમની,
અહીં માતજી એ નારી નહી રહી હવે મારા કાંમની,
માં કહે શુણુ દીકરા હોએ ભુલે કંઈ એક ભાંમની,
માટે જો કરીયે રીશતો જાયે આબરૂ કુલ સઉ નામની,
માટે તુ પાછો જઈને૦ ભેગો આવ વહુને લઈને૦ (મારીજાન)
જાણુ કોઇ રાખી ઘરમાં દાસ,
એક ચારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બધાએ પાપ.
કહે પુત્ર માતજી માનો૦ હું હમણા નહી જવાનો૦ (મારીજાન)
આવશે તે પોતાની મેરે*
નહીતો બેચાર વરસ જાએ૦ પછી જઇશ મારી માયે૦
તેડવા તેના ઘેરે*
મા કનેથી કંગણુ લઇનેટ તોડાવ્યું દુકાને જઇને૦ (મારીજાન)
વજનમાં થયું પાવશેરે*

નીકલી તેમાંથી એક ચીઠી૦ શોમદતે નજરે દીઠી૦
વાંચી જોઇ બે ફેરે*

બેનમાઇ.

કાગલ પોતાના પીતાનો૦ હતો મતલબ તેમાં છાનો૦
લખ્યોતો ગુપત ખજાનો૦ દાટેલો પેટી હેઠજી*
શોમદત મા કને આવી૦ ચીઠી પીતાની બતાવી૦
પેટી હેઠ જોયું ખોદાવી૦ લખી ગયાતા શેઠજી*

ચાલ છોટી

થોડોએક ખજાનો લીધો તેમાંથી કાહાડી,
બાંધ્યા મોહોલને બંગલા વાડી લીધી કંઈ ગાડી,
જગે જગે દુકાનો માંડી પેહેડીયું કાહાડી,
લઈ રજા માતની સાતો ાત જમાડી.

દોહા.

સસરાને ઘેર ખબર થઈ મોકલી કુંવરીને ફવાર,
વગર તેડે શોમદતની આવી ઘરમાં નાર.

શેર.

કહે મા સુણુ દીકરા બોલતો ન કાંઇ લગારજી,
વચન માની માતનુ કરીયો શોમદતે પીયારજી,
હલીમલીને લાગ્યા રેહેવા ચાલ્યો ઘરસંસારજી,
કંઈ વરસ વીત્યા થયા બંગાને પુત્રો ચારજી.

શુરો સામલ શંકર સાંમે૦ એવા ચારોના નાંમે (મારીજાન)
ચાલ્યો લાંબો વખત ઘરવાસ,
એક ચારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાઓ પાસ.
હવે વાત કહુ આખરની૦ કેવી ગતી થઈ તેના વરની (મારીજાન)
શોમદત ગયોતો એકદી બાહાર*
મોડી રાતે ઘરમાં આવ્યો૦ તેને નારીએ નવરાવ્યો૦
નાહી ધોઈને કહે ભરથાર*
ખોલીમાં ધોતીયું મારૂં તે લઇ આવને તું વારૂં૦ (મારીજાન)
ગઈ લેવા ખોલી મોઝાર*
ત્યાં એક બીલાડો બેઠો૦ અંધારાના માચી હેઠો૦
જોઇ પાડી બુંમ અપાર*

ખેનમાઇ.

ધમ લઇને નીચે પડી૦ મને ખાધી એમ બડબડી૦
ગઈ આંખો બેઉ ચડી૦ ઉડી ગઇ સુધ ન લાગી વાર*
સમજીને બોલ આ સતી૦ વીસમે થયો તેનો પતી૦
આવીને જોઈ આ ગતી૦ હસી પડયો જોઈ પોતાની નાર*

ચાલ છોટી.

અરે નાર કોણે તને ખાધી ને કોણે મારી,
શું કાંમ ચરીત્ર કરો નકામા ભારી,
મારી સાતો ચોરને વાસ્ત તરી ગઈ નારી,

ક્યાં ગયુ શુરાતન ને મરદાઈ તારી.

દેહા.

સાતો ચોરને વાઘ મારી જલ તરી ગઈ અરધી રાતે,
આજ બીલાડેથી બીની એ અચરજની વાત.

શેર.

નથી જોયા મે ચોર વાઘ નથી ગઇ વન મોઝારજી,
તમો જે જે કહો છો તે ખોટું સઉ નીરધારજી,
કોઈદી નીકલી ન રાતે મારા ઘરથી બાહારજી,
જો ખોટું હું કહું તો મરે મારા પુત્રો ચારજી.
મને પ્રભુના પ્યારા સંમ છે૦ ખોટું કહૂં તો તમારા સંમ છે૦
(મારીજાન)

કહાડયા મે દુખમા બાવીસ માસ.
એક યારને શારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી૦
થઇ સતી બચાઓ પાસ
કહે પતી સમજતુ નારી૦ હવે કહું હકીકત તારી (મારીજાન)
આપ મને બે રૂપીયા મારા*
મસાલ લઈને તારી શાથ૦ ચાલ્યો તો હું અરધી રાત૦
જોયા ફેલ ફીતુર તારા*
વચમા ચોર વાઘને મારી૦ જલ તરી ગઇ તુ નારી૦ (મારીજાન)
ફકીરના કરવા કામ સારા*

અરધી રાતે પાંણી લાવી૦ તેતો રસોઇ બનાવી૦
એવા કરંમ કીધા કારા*

બેનમાઇ.

નહી માને કદી જોતુ૦ એપાંણી સરવે લાવ્યો છું૦
નાક કાંન કાપી લાવ્યો હું૦ જઈ જો મેડાની ઉપર*
ગઈ મેડા ઉપર ફરી૦ નીશાની જોઈ સઉ ખરી૦
અતી મનમા તે રીશ કરી૦ આવી પોતે હતો જાં વર*

ચાલ છોટી.

અરે પતી તેંજ મારા યારને નાખ્યો મારી,
દઉં મુકતી યારને એવી ગતી કરૂં તારી,
પંચાવન વરસાનો દોશો શોમક્ત ભારી,
તેની થરથર કાંપવાને લાગી દેહી સારી.

દોહા.

વહુ દીકરાને માત સઉ રેહેતા પેહેલે માર,
તીજે માલે સુતા હતા એકલા બેઉ નર નાર.

શેર.

શુરાતન ચડયું નારને કીધા બંદ ઘરના દ્વારજી,
પછી પતીને મારવા લીધી નારીએ તલવારજી,
મરતી વખત એક પાડી બુમ ને રોયો ઝારો ઝારજી,
તોબી દયા નહી લાવી તે અંતે દીપો તેને ઠારજી,

પછી મારી બારણા ઉઘાડી૦ એકાએક બુમ તેને પાડી૦ (મારીજાન)
હાય મારૂં થઈ ગયું શતીયાનાશ,
એક યારને સારૂ નારી૦ નાંખ્યો સગા ધણીને મારી૦
થઈ સતી બધાઓ પાસ.
કોઇ આવોરે આવોરે૦ પેલો નાઠો તેને લાવોરે૦ (મારીજાન)
લાગી રડવા તે કરી કકલાટ*
હતા માત દીકરા ચાકર૦ તેતો ચડી આવ્યા ઉપર
થયો એકાએક ગભરાટ*
સઉ મોહોલો જાગી ઉઠીયો૦ જાણે કોઈ ત્રીકમ રૂઠીયો૦
(મારી જાન)
થયો હાહાકાર શોર ગોગાંટ
પડી ખબર સઉને જ્યારે૦ જોવા આવ્યા સઉ કોઇ ત્યારે૦
એવો કીધો નારીએ ઘાંટ

બેનસાઇ.

હવે જીવી શું કરઉં છે૦ નારી કહે મારે મરવું છે૦
પતીની જોડ બરવું છે૦ જ્યારે થાસે સવારજી
જ્યાં મારો ગયો પતી૦ ત્યાં મારી કરીસ ગતી૦
સવારે થઇસ હું સતી૦ એવો મારો વીચારજી

ચાલ છોટી.

થઇ સવાર સેહેરમાં ચરચા થઈ ગઈ ભારી,
લઈ માથું પતીનું નીકળી સતી હત્યારી,
કોઇએ જાણી નહીં નારીની હુસીયારી.
તે સગા ધણીને મારી સતી થઈ નારી.

દોહા.

જરીફ દાદાભાઇ કહે સમજો સઉ નર નાર,
સગા પતીને મારી વરતાવ્યો જૈય જૈય કાર.

શેર.

માટે અય ભાઇયો જુવો નારીની બદ ચાલજી,
નહી ફરી કેહેવું તેને કેહેવામાં નહી કંઇ માલજી,
જો કદી કેહેશોતો થાશે આ[illegible] પુરા હાલજી,
મનીરાંમ કહે નસયત બ[illegible]દો મારો છે આ [illegible]યાલજી,
તમે માનો યા નહી માનો૦ આ મતલબ નથી કંઈ છ.નો૦

(મારી જાન)

ન કરતા નારનો કોઇ વીસવાસ,
એક યારને સારૂ નારી૦ નાખ્યો સગા ધણીને મારી.
થઈ સતી બધાઓ પાસ.

રાજાબાઇ ટાવરનો ખ્યાલ.

(રંગત લંગડી ઝડપી)

બેઉ નણંદ ભોજાઈ, પીરોજબાઈ બચુબાઈ, માસીને મલવાને ધાઇ,
મન ઉમંગ ધરી જમરાજાએ–ઘેરી અધ વચમાં ન પાછી
ઘેર ફરી,
દાદરના ખુનનો ગમચાર, નોતો વીસરાયો લગાર, થયો
બીજો ગમ તઇયાર,
ધોળેદાડે–બેઉ બાનુઓ–ખુશીમાં ચાલે જમ ગયા પછવાડે.
હલીમલી ચાલે નારી, પાછલ મોત ભમે ભારી, બેઉ શું
જાણે બીચારી.
જમ ધુમ પાડે સીધો રસ્તો–તજી જમ ચાલ્યા મારગ આડે,

શેર

ઇસવીસને અઢારસેં એકાણું અપરેલ માસજી,
તારીખ પચીસ શનવારનો દાહાડો હતો તે ખાસજી,
ટાવર જોવાની બાનુઓને થઈ મન આશજી,
જયાં જયાં ભમે બેઉ બાનુઓ ભમે જમ તે ચોપાસજી.
ક્યાં જાવાની ક્યાં ગઈ, ટાવર જોવા ઇચ્છા થઇ, અંતે
ફસી બેઉ જઈ,
મોતે મતી હરી–જમરાજાએ–ઘેરી અધવચમાં ન પાછી
ઘેર ફરી. ૧

મનમાં ખુશી થતી ઘણી, ચાલે પોતે ટાવર ભણી, ચડે
ટાવરપર બેઉ જણી,
હઈએ હરખ અપાર–ટાવર જોઇને–પાછા આવી શું જશું
માસીને દુવાર,
ઉભો કાળભી એકાંત બેઉની કરવા સારૂ ઘાત, એવી
શું જાણે તે વાત,
અંતનો વીચાર–રૂપવંતીયો–સતીસાધ્વી હતી બેઉ અબલા નાર.

શેર.

આસ્તે આસ્તે, હસતે મોહડે બેઉ ટાવર પર ચડી,
તેમ તેમ પાસે આવી બેઉ અબલાઓની અંતની ઘડી,
જોઇ કાળનુ વીકરાલ રૂપ બેઉ નીચે એક પછી એક પડી,
જેમ આભથી તારા પડે તેમ નીચે બાનુઓ ગડબડી,
એક પડતાને વાર, મોતે કીધી તેને ઠાર, એકનો હતો
શ્વાસ લગાર,
અંતે બેઉ મરી–જમ રાજાએ–ઘેરી અધવચમાં મુવેલી
ઘેર ફરી. ૨
લોહી લોહાણ બેઉના તન, જોઈ કપ્યાં સઉજન, સઉનું
દુખી થયું મન,
ઘણી થઈ અસર–મોહલે મોહલે–જઈ મોબેદોએ સઉને
કરી ખબર,
થઈ ગઈ બોમાબોમ, ભેગી થઈ પારસી કોમ, દુખ વાપ્યું
રોમરોમ,

આવ્યા નારી નર—જેજે લાશને—જુવે તેનું મુજે તનમન થરથર

શેર

એવામાં એક પારસીએ લાશ બેઉ ઓળખી હતી;
જે એકનો હતો ભાઇ બીજી બાનુનો હતો પીત્રુ પતી,
દોડીને તેડી લાવ્યો માને આવી મા દુખી થતી,
ઓળખી જેણે વહુ દીકરીને શોકમન કરતી અતી,
જોઈ લાસો માથું કુટયું, કહે નસીબ મારૂ કુટયું, ધન જમે
સરવે લુટયું,
કહે રૂદન કરી—જમરાજાએ—ઘેરી અધવચમાં મુવેલી ઘેર ફરી ક
સગા કરે હાએ વાએ, જોઇ લાસોને અકળાએ, સૌ કરે
ત્રાએ ત્રાએ,
અતી ત્યા નર નાર—ટાવર પાસે—આઠ વાગા સુધી રહી
ભીડ અપાર,
ડાકટર બ્લેનીએ ખાસ, એવી કીધી ત્યાં ફરમાસ, જયુરી
હાઉસમાં બેઉ લાસ,

શેર

પોલીસવાલા અમલદારો સરવે ત્યાં હાજર હતા,
બાનુઓના ખેસીયોએ અર્જ કરી ભારી નમ્રતા,
લાસો ઘેર લઇ જવાની આપો રજા રહે સમતા,
કહે કમીશનર ડાકતર કને જાવો જેની છે આ સતા,

કેહવા મુજબ અરજી કીધી, રજા બ્હેનીએ દીધી; ગેહન
ત્યાંથી ફેરી લીધી,
ગમ ઘણો કરી–જમ રાજાએ–ઘેરી અધવચમાં મુવેલી
ઘેર ફુરી. ૪
નવે મોહલ્લાને આવ્યા, બેઉ લાસો ઘરમા લાવ્યા, સઉના
મુખ બહુ કરમાવ્યા,
થયા અતી ઉદાસ–રાત, રૂદનમાં–ગઈ બારવને ચુંથાઈ
બેઉની લાસ,
સવાર પડતાને વાર, આવ્યા જરથોસ્તી અપાર, આસરે
પોણા બે હજાર,
બેઠા આવી ઘરની પાસ–રનીવારને–દાહડે ભરી જ્યુરી લાસની
કરી તપાસ,

શેર

ડાક્તર બ્હેનીએ જબાની સગા સાક્ષીની લઈ,
મુલત્વી રાખી જ્યુરી ઉઠયા લઈ જવાનો હુકમ દઈ.
અવલ મંજલ પહોંચાડવાની પછી સઉ કીરીયા થઈ,
સરવે પગે લાગ્યા પછી લાસોને પાસે જઈ જઈ,
થઈ લઇ જાવાની ત્યારી, થાવા લાગો ગમ ભારી, રડે અતી
નર ને નારી,
આંખે આંસું ભરી–જમ રાજાએ–ઘેરી અધવચમા મુવેલી
ઘેર ફુરી. ૫

નીકળ્યા બનેના જુવાન, ભમ કરે સઉ ઇનસાન, થાએ
માતમનું ધ્યાન,
જગે જગે અપાર-શોહરો શેહેરમાં-બેઉ અબલાઓનો
થયો ગમનો પુકાર,
રસ્તે જુવાનો જે જોએ, તેબી પણે પડી રોએ, માતમ
કરે હર કોએ.
વહે આંસુઓની ધાર-નીંદેય રહ્યા કેમ-અરે દાદાર દાદગર
પરવરદીગાર.

શેર.

જમ ભર્યો દેખાવ જોઇ ભમ સઉ કોઈ કેમ ના કરે,
વજરનીબી છાતીવાળો લાસો જોઈ ધીર ના ધરે,
જાત યા પરજાત જોઈ લાસોને કહે અરે અરે,
એ હરી તેં શું કરી સરવે રડે ધ્રાસો ભરે.

રાજાબાઇ ટાવરનું નાંમ, પ્રસીધ થયું આમોગામ, એવી
એવી થઈ ધુમધામ,
એમ સીતમ ભરી-જુમ રાજાએ-ઘેરી અધવચમા મુંવેલી
ઘેર ફરી. ૬
ખબર થઈ દેસો દેસ, પછી ચાલ્યો તેનો કેસ, અંતે થયું
નહી લેસ,
કેસ થઈ ઘણી-ખાતર પાછળ-કર્યાં દીવો પણ ન અંતે
જડ્યું ખુની,

ચઢ ઉપરથી જે ધર્યો, એણુના તે અંતે ડર્યો, મોતે
મુકત તેને કર્યો,
મરી ગઇ બેઉ જણી–નરનારીને–ન મનથી યાદ હજી ગઈ
ટાવર તણી.

શેર.

શું શું થયું તે જોયું સઉ હવે શું થસે તે જોઈશું,
બાછીબી લખશું લખાવટ મન મોતીને પોઈશું;
કીરતારની મરજી કને બીજો કરે ભાઈ કોઈશું;
ખુદા જાણે બાનુંઓના ગમમાં કાંહાવેર રોઇશું.

કરવું કીરતારનું થયું, જાએ વ્યર્થ સઉ ઉપાય,
પાપ આપથી જણાય,
સઉ જરી જરી–જમ રાજાએ–ઘેરી અધવચમા મુવેલી
ઘેરી ફરી. ૭
જાવીતી માસીને દુવાર, એવું ધારી બેઉ નાર, વચમાં
ફર્યો તે વીચાર,
ધાર્યું નહી થયું–ટાવર ઉપર–મથાલે ઠેઠ મોત ખેંચી
લઇ ગયું,
બનવાનું તે બને ભલે, કોઇ કાલે તે ન ટલે, ચોઘડયું
તે કોઇ કલે;
જે ગયું થયું–જે જે બન્યું તે–કહયું મે પાછો કહીસ હું
રહયું સહયું.

શેર.

ખ્યાલ સમજી ખ્યાલથી મનમાં કરો સઉ ખ્યાલજી,
જે જે નથી કહયો હાલ તે રોશનછે સરવે હાલજી,
જરીફ દાદાભાઇ કહે સમજી ચતરનર ચાલજી,
કોઇ કાલમાં આદરજી રહે લઇ જાસે સઉને કાલજી.
બે બાનુનો ચીતાર, જોએ મનીરામ સાર, ઘણો રોએ
જાર જાર,
અતી રૂદન કરી-જમ રાજાએ-ઘેરી અધવચમાં મુવેલી
ઘેર ફરી. ૮

પાંચ તત્વનો ઝઘડો

(રંગત ખડી)

અગની પવન ધરતી આકાશ જલ પાંચો કરે ઝઘડો ભારી,
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઈ હુશીયારી
અગની કહે હું રહું પાણીમા મ રી માયા છે સારી,
બીજી અંગની રહુ શુરજમાં ચલાવું કાયાં અદકારી,
ચોથી અંગની રહું સુરતમા ઘરઘરમા છાયાં મારી.

ચાલ.

વલી ધુંધુંકારમા મારી જ્યો ત ઝરે છે,
તે બધા ઘેરમાં આપોઆપ બરે છે,

જીવન મરણુની હું છઉં સ્વામી મારેથી સઉ નર નારી,
કોણ નાનો મોટો પાચોમાં દે જવાબ જોઉં હુશીઆરી ૧
ધુંધુંકારમા વાયુ કહે છે રૂજી હું પવન ચલાઉં છું.
બીજો પવન આ શ્વાશ છે મારી ઘટઘટમાં હું શમાઉં છું,
તીજો પવન ચાલે દુનીયામાં શુણી તુને સમજાવું છું
ઘડીમાં પુરવ ઘડીમાં પછમ એવો નાચ નચાઊં છું,

ચાલ.

હું વચન કીસ્નથી હારી ગયો એક દનમા
નહી તો ધરતીસે આભ ઉડાડુ ક્ષણમા,
મારે વગર સઉ કાંમ રહે અટકી મારે પર સઉ જાએ વારી,
કોણ નાનો મોટો પાંચોમો દે જવાબ જોઉં હુશીયારી. ૨
ધરતી કહે છે મારા જેવો કોણ કરે બીજો શણગાર
વીધાચલ ઉધાચલ દ્રોણા હેમાચલનો મુજપર ભાર,
કૈલાશ પરવત પોરીધારા શદાશીવ રહે છે કેદાર,
અઢારસો ભાર વનસ્પતી શઉ જીવજંત રહે છે સંનસાર.

ચાલ

શઉ માટીથી ઉત્પન્ન થયા ને થાશે
અંતે માટીમા સરવે મલીને જાસે,
માટીની મેહેમાં મોટી માટીની મલે અંતે યારી.
કોણ નાનો મોટો પાંચોમાં દે જવાબ એઉં હુશીયારી.
આકાશ કહે છે શમજો ભાઈયો ચારો તમે મુરખ પ્યારા

મારા તન પર ખીલી રહ્યાં છે રવી ચંદ્ર નવ લખ તારા.
દલ વાદલ છે મારા ઉપર ધર્યો ઇંદ્રએ નગારા,
શમજો ગુણી ગુણવાન વળી છે સ્વર્ગ લોક ઉપર મારા.

ચાલ.

બ્રહ્માએ મને બ્રહ્માંડ રચીને દીધું,
વીશનુને કહીને મને ઉભુ કરી લીધુ,
પ્રથમ ધુની મંડાની મારામાં શું કહું ઝાઝુ વીશતારી,
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઉં હુશીયારી, .૪
પાણી કહે હુ જગત રચી દઉં તે તમને પ્રકાશ કરૂં,
જીવજન્ત પક્ષી પંખેરૂ સઉના ઘટમાં વાસ કરૂ,
પલમાં મેઘ થઇ લાગુ વરસવા અનવન કુલ ફલ ઘાસ કરૂ,
પલમાં સઉપર કરૂં મેહેર ને પલમાં સઉનો નાશ કરૂં,

ચાલ.

છે સાતો સાગર મારા મારી અતી માયા,
ગંગા જમનાંનું નીર કરે શુધ કાયા
નદી નાલા તલાવ કુવા તર માંરેથી કુલ કીયારી.
કોણ નાનો મોટો પાંચોમાં દે જવાબ જોઉ હુશીયારી *
પાંચ તત્વનો રચ્યો છંદ કડીબંદ પ્રબંદ કરી કવીતાઈ,
છે શાસ્ત્રની વાત ગુણી જરા શમજ શીખ કર ચતુરાઈ,
પાંચથી તું હુ સઉ નારી નર થયા સમજ તજ મુરખાઇ,
કયું તત્વ મોટું પાંચોમાં પુછે લેદ દાદાભાઇ,

ચાલ.

પેલા તુ ધ્યાન સતગુરૂ ચરણનુ ધરજે,
પીંગલને ભણી તું પછી શાહેરી કરજે,
મણીરામની વાંણી સુણી લે ગુણી ન ફેર તારી મારી,
કોણ નાનો મોટો પાંચોમા દે જવાબ જોઉ હુસીયારી ૬

ત્રીકમ પ્રધાનનો ખ્યાલ

(રંગત ઝડકી.)

અભીમાન છે ઘર નારી૦ ઘર નારી યા પર નારી (મારી જાન)
નારી બેશે જો ધણીને પાશ,
પોતાનું માથુ કાપી૦ સતી થાએ ધંણીને આપી૦
તોણી ન કરો વીશવાશ૦
એક કહુ ઈશકની કહાની૦ તમે શમજો કાન દઈ ગ્નાની૦
રાજા હતો એક ગુણવાન૦ (મારી જાન)
કોઈ સાધુ પરશન થઈને૦ ગયો અમરત કુંપી દઈને૦
૨ લીધુ વરદાન૦
એની પરીક્ષા લેવી જોઈ એ૦ કોઈને વાત ન કેવી જોઈ એ૦
બીડુ રાખીયુ સભાને દરમ્યાન, (મારી જાન)
કોની બેંરી એવી સતી, માથુ આપે કહે પતી૦
મને જોવાનુ છે અરમાન૦

ઍનસાઇ.

કરે રાજા ચતુરાઇ૦ બીડુ રાખ્યું સભા માંઇ૦
રાજા બોલ્યો નહી કાંઇ૦ બીડુ લે છે પરધાનજી,
ત્રીકમ પરધાનનુ છે નામ૦ બીડુ લઇ કીધી સલામ૦
રાજા તમારો ગુલામ૦ ઘણો હું નાદાનજી.

ચાલ છોટી

કહે ત્રીકંમ રાજા દાશીને બોલાવો,
દાશીને કહો તમે ત્રીકંમને ઘરે જાવો,
મારી નારીનુ માથું તમે મંગાવો,
દાશીને કહો તમે જલદી લઇને આવો.

દોહરો

રાજા દાશીને કહે તું જલદી થા તઇયાર.
રૂમાલ થાલી હાત લે વલી બીજે હાત તલવાર.

શેર

રાજા દાશીને કહે તું જા ત્રીકમને ઘરે,
તેને જઇને કહે કે માથું માગીયું છે તારા વરે,
માથુ લઇ ને આવજે દાપે પોતાને કરે,
કચેરીમાં આવજે ત્યાંથી જો તુ પાછી ફરે,

લઈ આજ્ઞા દાશી ચાલી જાં ત્રીકંમની ઘરવાલી (મારી જાન)
માંગે માથું ધણી તમારો ખાચ,
પોતાનું માથુ કાપી સવી થાળે ધંણીને આપી

લોભી ન કરો વીશવાશ.
રાજીને સાજસૌશોલે૦ હીંચકતી નાર હીંડાળે૦ (મારીજાન)
દાશીના સમજી સત વચન,
તમારી તરવાર લાવો૦ મારૂ માથુ કાપી જાવો૦
બોલી તે કઠણ કરી મન.
તરવાર નારીએ લીધી૦ પછી ઘાત પોતાની કીધી (મારી જાન)
કાપી માથું પાડીયું નીચે તન,
દાશી માથુ લઇને૦ દીધુ કચેરીમાં જઈ ને૦
જોઇ ખુશી થયો રાજન.

બેનમાઇ

ખુશી થયા રાજા જન૦ કહે ત્રીકંમને ધન ધન૦
તારા થયા શુભ લગન, સતી છે તારી નારજી૦
પાલે સતીનો ધરંમ૦ બહુ રાખે છે ભરમ૦
તારી રાખી છે શરંમ૦ હવે થા તયારજી.

ચાલ છોટી

શમજીને વાત ત્રીકંમ મન હરખાએ છે,
રાજા ત્રીકંમને લઇ ઘેર જાએ છે,
શજીવન નાર કરી અમરતથી નાએ છે,
જોઇ રાજાને નારી શરમાએ છે.

દોહરો

શરમાઈ જોઈ રાજાને૦ નારી કહાડી ઉભી લાજ,

માંગ માગ રાજા કહે હું ખુશી થયો છું આજ.

શેર

નારી રાજાને કહે એક રાપનું જોયું મે ખરૂં;
કેમ કરી જીવતી રહું જો મારે હાતે હું મરૂં;
કેમ હું જીવતી થઈ તેની ચીન્તા હું મનમાં ધરૂં,
પેલે મને સમજાવો રાજા પછી મુખ થકી ઓચરૂં.

રાજાએ કુપી દેખાડી૦ અમરતથી તને ઉઠાડી૦ (મારી જાન)
સાધુ દઇ ગયો મને વનવાશ.
પોતાનુ માથુ કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોખી ન કેરો વીશવાશ
પછી મુખથી નારી બોલી૦ મુખ વાત વીચારી તોલી (મારી જાન)
પેલા આપો મને વચન,
પછી આપો જે હું માંગુ૦ તેતો નથી તંમથી આઘુ૦
ત્યારે વચન આપે રાજન.
વચન રાજાએ દીધું૦ પછી નારીએ મુખથી કીધુ૦(મારી જાન)
જેથી કીધું ઉભુ મારૂં તન,
તેતો ઇમરત કુપી જોઇએ૦ જાણી વાત ન હોએ કોઇએ૦
ત્યારે થાએ ખુશી મારૂ મન

બેનબાઇ

જો રાંજાજી ન દેવાએ૦ તો તો વચન તારૂ જાએ૦
જગમા અપ કીરતી થાએ. નહી રૈશે આરજી,

નહી કેમ કરી કેહવાએ૦ પછી કુપી આપે શાએ૦
નારી મનમાં હરખાએ૦ ઘણી વારંવારજી

ચાલ છોટી

રાજાએ પછી તે ઈમરત કુપી દીધી,
ખુશી થઇ થઇ ત્રીકંમની નારીએ લીધી,
રાજાએ પછી ઘરની રાહા પકડી સીધી,
વચન પાલી નારીની આશ પુર કીધો

દોહરો

તે દાહાડેથી ત્રીકંમ બહુ કરતો તેને પીયાર,
પછી નારીએ શું કરયું તેનો આગલ કહું વીશતાર.

શેર

એક દાહાડે નારી ગઇ નદી ઉપર નીરધારજી.
ત્યાં એક બાવો રહે નદીને પેહલે પારજી,
નદી વટાવીને ગઈ બાવાકને તે નારજી,
તેને જોઇને બાવો થયો મનમા ખુસી એક સારજી,
બાવાએ આપી તાલી૦ નારીએ જોયો નીહાલી (મારી જાન).
લાગ્યા પછી કરવા રંગ વીલાશ.
પોતાનુ માથુ કાપી૦ સતી થાએ ઘણીને આપી૦
તોબી ન કરો વીશવાશ
પછી નારી કહે બાવાને તું હવડે દે જાવાને૦ (મારી જાન)
આવીશ જ્યારે વાગે રાતના બાર

પછી ઓવીશ તારીકને૦ મોજ કરશુ નચીંત બન્નેo
પછી જઇશ વાગે ચાર
બાવાને વચન તે આલી૦ નારી પોતે ઘર ચાલી૦(મારી જાન)
જઈ કીધી રસોઇ તઈયાર
રાત થઇ ત્રીકંમ આવ્યો૦ તે જમાડી સુવરાવ્યો૦
પછી ઉઠી તે ચંચલ નાર

ઓનમાઈ

જ્યારે વાગ્યા રાતના બાર૦ નારી જોઇયે વારંવાર૦
સજી સોલે તે શણગાર૦ નાર થઈ તઇયારજી
હાથમા લઈ તરવાર૦ કાપ્યું માથુ એકે સાર૦
કીધો ત્રીકમને ઠાર૦ વહે લોહીની ધારજી.

ચાલ છોલ

માથું કાપી લટકાવ્યુ દોરી ઘાલી,
નીચે રાખી પાંણીની ભરીને થાલી,
નારી ખુશી અતી થઇને બાવાકને ચાલી,
બાવાની મહડીમા આવી નાર નખરાલી.

દોહરો

આવી કરી રશોઇ કરી જમ્યા પછી બેઉ જન,
મોજમજાની બાજી રમવા બેઠા ખુશી કરી મન.

શેર

બાવા કહે સુન પીયારી બેસી મેઇ હુવા તેરા યારજી,

તેરે ઉપર જાન મેરી સદકે હુએ સો બારજી,
એમ કરતા કરતા જયારે વાગા રાતના ચારજી.
લઇ આજ્ઞા બાવાની ઘરમા આવી ચંચલ નારજી.
પછી માથુ તનથી મેલ્યું૦ મુખમા જરા અમરત મેલ્યુ
શજીવન કીધી મુવેલી લાશ (મારી જાન.)
પોતાનું માથુ કાપી૦ શતી થાએ ધણીને આપી૦
તોબી ન કરે વીશવાંશ.
એમ રોજ રોજ કરતીથી૦ કોઇની બીક નહી ધરતીથી૦
લોહી વહીવહીને સુકાયુ તન. (મારી જાન)
તોબી ભોલો ત્રીકમ ધણી૦ સમજીયો શતી નાર ઘણી૦
રાખતો હતો બહું મન
ત્રીકંમનુ મોહું જોઇ શમજયા નહીં ભેદ કોઇ૦ (મારી જાન)
એક દાહાડે પુછે રાજન
તને દર્દ કાંઇ થયું૦ કેમ તન સુકી ગયું૦ ઝુરે છે તું
દનપર દન૦

બેનમાઇ

ત્રીકંમ કહે મને સુખ૦ નારીકું જોઇને ભાંગુ ભુખ૦
મને કાંઇ નથી દુખ૦ સુખી હું સદા રહુ છઉં
નથી રાખતો બીજોગ૦ મને નથી કાંઇ સોગ૦
મને કાંઇ નથી રોગ હું તો ખરૂ કહું છઉં

ચાલ છોટી

કહે રાજા ત્રીકંમ કેટલો તને સમજાવું,
કાંઈ દુખ હોએ તો વઈદોને બોલાવું,
તેની પાશે તારી દવાદારૂ કરાવું.
તારે સારૂં મારો માલ ખજાનો લુટાવુ

દોહરો.

ત્રીકમ રાજા એને કહે નથી દુખ મારા તનમાંયે,
શું કરવા ખોટું કહું તમારા આગળ રાયે,

શેર

રાજા ત્રીકંમને કહે શું ચીન્તા મનની માંએ છે,
શું કારણથી આ તારૂ નીત તન સુકાયે છે.
ત્રીકંમ નથી કાંઈ માનતો આખર પોતે ઘેરે જાએ છે,
રાજા કહે જોઉતો ખરો ત્રીકમને ઘેર શું થાએ છે.
રાજા ત્રીકંમના ઘરમાં પેઠો જઇ મેડા ઉપર બેઠો મારીજાન)
કરવા લાગ્યો ખુબ તપાસ
પોતાનું માથું કાપી સતી થાએ ધણીને આપી
તોબી ન કરે વીશવાશ
સુવરાવ્યો ત્રીકંમને જમાડી અરધી રાતે તલવાર કાડી
ત્રીકંમની ગુરદન પર મારી (મારીજાન)
માથુ કાપી લીધું ઉપર લટકાવી દીધું૦

નીચે રાખી જળધારી
લોહી માથામાંથી ચુવેછે૦ રાજા નજરેથી જુવે છે૦
રાજાએ વાત ત્યાં વીચારી (મારી જાન)
આ છે ત્રીકંમ દુઃખ બીજું સરવે તેને શુખ
જેથી સુકે છે દેહસારી

બેનમાઈ

નથી આતી કેનો ડર૦ સજીસાજ તન ઉપર૦
ચાલી નદી પર સુંદર૦ રાજા પાછળ જાએ છે
મધરાતે ચાલી નાર૦ વચમાં વાઘ બેઠે સાર૦
દીધો વાઘનેબી ઠાર૦ ત્યથી છુટી થએ છે

ચાલ છોટી

રાતની નદીની ચડી હતી બહુ ભરતી,
ગઇ તરીને પેલે પાર વાર નથી કરતી,
અજગરને જોયો તોબી જરા નથી ડરતી,
તેનેબી મારીને છુટી કીધી ધરતી.

દોહરો

નારીની હીમત જોઈ રાજા કહે મનમાંયે;
બે ખુન નારે કર્યાં તોપણ તે આગલ જાયે,
મઢી પાંસે આવી ત્યારે પુરી થઈ તેની ધારણા,

ઉભી લાડથી બોલી ઉઘાડો બાવાજી બારણા,
બાવા કહે તુ કોન હુએ આઈ તું ઈહા કીસ કારણા
ઉભી છું દાશી તારી બાવા મારા સોહાગણા,
ઉઘાડીયું દુવાર ઘરમાં આવી નારી૦ બાવા કહે આ મેરી
પ્યારી (મેરીજાન)
તેરે બીન મેરા જી હુએ ઉદાસ*
પોતાનુ માથું કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોબી ન કરો વીશવાશ*
રાજાએ ચરચા જોઈ૦ બીજુ જાણે નહીં કોઈ૦ (મારી જાન)
રાજાને આવ્યું આંખમા ઝેર*
પણ જો કાંઈ ચરચા કરે૦ તો તે નારને હાથે મરે૦
તેથી આવ્યો પોતાને ઘેર*
બાવાને ખુશી કરીને૦ નારી આવી પાછી ફરીને૦ (મારીજાન)
લાગીતી તેને ત્યાં તો અવેર*
માટે જલદી અમરત લઈને૦ કીધો જીવતો અમરત દઈને૦
એવો ભોળા ધણીનું અંધેર*

બેનમાઇ

ગઈ રાત થઇ શવાર૦ બને ઉઠીયા નરે નાર૦
કરી રશોઈ તયાર૦ જમ્યા બને સાથ૦
પછી ગયો રાજદુવાર૦ બેઠો કચેરીમોઝાર૦

જોઈ ત્રીકમના દીદાર૦ રાજા પુછે વાતજી

ચાલ છોટી.

અરે ત્રીકમ તારૂં મોહાડું ગયુ કેમ સુકી,
તારી નારી જાએ છે ઘરમાં તુને મુકી,
માથું કાપવાણી તારૂં તે નહીં ચુકી,
તારી નાર ફક્ત છે તારા લોહીની ભુખી.

દોહરો.

ત્રીકમ રાજાને કહે મારી નારી સતી પ્રમાણ,
માથું આપ્યું તું મુજ થકી તે તંમથી નહીં અજાણ

શેર.

રાજા કહે મે ચરત્રા જોઈ નજરે સઉ નીરધારજી,
માથું કાપી તારૂં ગઈ દીને પેહલે પારજી,
પાછલથી હું ચાલતો તો આગલ તારી નારજી,
જોઉ છું તો આવો તેનો દીઠો મેં એક યારજી,
સૌ ચરત્રા જોઈને આવ્યો૦ મારા મનમાં ખાતરી લાવ્યો૦
(મારી જાન)

જેથી મુકાએ તારૂં તન માંસ
પોતાનુ માથું કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોબી ન કરો વીશવાશ ૭
ત્રીકમ કહેન જાણું છાનું૦ મને દેખાડો તો માનું૦(મારી જાન)
રાજા કહે ત્રીકમનેજી

તમે જલદી ઘેર જાજો૦ કાંઇ રાંધ્યું હોએ તે ખાજો૦
સુજો મારી હંમનેજી
હું આવીશ તને જગાડીશ૦ સૌ ચરચા પછી દેખાડીશ૦
(મારી જાન)
ખાતરી આવશે તમનેજી
ત્રીકમ આવ્યો જલદી ઘેર૦ છુપો રાખ્યો મનમાં કેર૦
કહે ખાવાદો અમનેજી

બેનમાઇ.

ત્રીકમ જમી કરી સુતો આંખ ઉંઘ ભરી૦
રાજા આવ્યો ત્યાં ફરી૦ બેઠો મેડાની ઉપર
થઇ તે અરધી રાત૦ લઇ તરવાર હાત૦
કરી ત્રીકમની ઘાત૦ ચાલી નદીપર સુંદર.

ચાલ છોટી.

પાછલથી રાજા ત્રીકમને જીવતો કરીને,
ગયા બનેજણા પાછલ નારીને ફરીને,
ગઇ નદીમાંથી નારી તેતો તરીને,
પોંચી મડદીમા ખાવાની હીમત ધરીને.

દોહરો.

તેને જોઇ બાવો કહે કયું ઇતની દેર લગાઇ,
તેરે ઘર તુ પીછી જા નહીં રખતા આશનાઇ.

શેર.

પગે લાગું બાવા તારા મારીપર તું રીસ ન ધર,
તારી પાશે આવી હું જ્યારે તે સુતો મારો વર,
પગની દાસી છું હું તારી જોઇએ તે તું દંડ કર,
વાત નરમી સમજીને બાવાનું પીગળ્યું છે જીગર.
તેરે પાસ એ પાની દખાના૦ તુને હાતસે મુજકોન હિલાના૦
(મા. જા.)

ફીરસે તું નહીં હોવે બદમાશ
પોતાનું માથું કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોબી ન કરો વીશવાશ ૮
જોયે ત્રીકંમ જેમ જે ચરચા૦ તેમ લાગે તનમાં મરચાં(મા.જા)
જાએ તેને કતલ તે કરવાને,
તેને જોઈને કહે રાજા૦ તમે ગરમ ન થાવો ઝાજા૦
ત્રીકંમ લાગો ડરવાને
એ નારી ખુની ઘણી છે૦ ગણશે નહીં કે મારો ધણી છે૦
(મારી જાન)

જાએ છે કાંહાં તું મરવાને
એ શું કરશે તે જોઇએ૦ જાણી વાત નથી કોઇએ૦
કહી લાગ્યો ચરવાને

એનમાઈ.

બાવા કહે પાની લા૦ તેરે હાતસે નહલા૦
મેરા તન કર સફા૦ સુલા ખાટકી ઉપર

પછી પાંણી લાવી નાર૦ જેથી નવરાવ્યો ચાંર૦
ઉચકીયો બાવાનો ભાર૦ ત્રીકંમ જોએ છે નજર

ચાલ છોટી

બાવાને ઉચકી નાખ્યો ખાટની ઉપર,
પછી બાવાકને કરજોડી ઉભી સુંદર.
કહે રાજા ત્રીકમ હવે પ્રભુંથી પાછો ફર.
જેવો હતો તેવો તને કરી રાખું તારે ઘર,

દોહરો

રાજાજી તો આવ્યા ત્રીકંમને લઈ સાથ.
રાજા ત્રીકંમને કહે તુ નહીં કરતો કાંઈ વાત.

શેર

કચેરીમાં આવજે જ્યારે થાય શવારજી,
પછી જેવો હતો ત્રીકંમ એવો ફરી કરયો ઠારજી,
જ્યારે વાગ્યા રાતના ચાર ત્યારે ઘરમાં આવી નારજી
અમરત દઈ સજીવન કીધો ભોળો તેનો ભરથારજી

ત્રીકંમને જીવતો કરીને૦ પછી સુની નાર ફરીને૦(સારી જાન૦
ત્રીકંમ હવે સુતો થઈને નીરાશ
પોતાનું મશું કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોણી નકરો વીશવાશ
ગઈ રાત સવાર થઈ જ્યારે૦ ત્રીકંમ આવ્યો રાજાકને

ત્યારે૦ (મા. જા)

રાજા કહે પીર ધરીએ

તું નહીં આશીકગીર૦ ચાલ નદીને તીર૦ બાવાને કતલ કરીએ

ગયા નદીને પેલે પારે૦ કીધો બાવાને ઠારે૦ (મારી જાન)

ત્રીકમ કહે ઘેર ગમી ફરીએ

રાજા કહે હમણાં નહીં૦ અને કામ પડશે કહીં૦

પછી હરગીજ નહીં ડરીએ

બેનમાઇ

માટે તુ ઘરમાં જા૦ કાંઇ રાંધ્યુ હોય તે ખા૦

મુખથી બોલતો ન જરા૦ શુજે આખ ઉંઘ ભરી

ત્રીકમ આવ્યો ઘરની માંએ૦ કહે મોજ મારે રાયે૦

જમી ત્રીકમ છુટો થાએ૦ સુતો ઊંઘ વશ કરી

ચાલ છોટી

જલદી સુતો ત્રીકંમ ખુશી થઇ નારી,

તલવાર લઇ નાખ્યો ત્રીકંમને મારી.

ગઇ મહુકીમાં બાવાકને થઇ અંધીયારી,

જોએ છે તો બાવો પડયો સુતેલો ભારી.

દોહેરે

ઉઠ મારા બાવાજી તું હું જલદી આવી આજ.

શું કરવા રીસાયા તમે મારા શિરના સરતાજ.

શેર

ખુમ મારી મારીને પછી દીવો કીધો સારજી,

જોએ તે બાવો ત્રવેલો પડયો નીરધારજી

કેણે મારયો બાવા તુને બોલ તું એક વારજી.
તારે કારન આવતીતી મારી હું ભરથારજી.
તારા ખુનીને મારીશ જાંણી૦ એમ કહીને કોડીયું પાંણી (મા.જા)
બંદ થયા બાવાના શ્વાશ*
પોતાનું માથું કાપી૦ સતી થાએ ખુણીને આપી૦
તોબી ન કરો વીશવાશ* ૧૦
બાવાને પછી દફનાવી૦ નારી રડતી ઘેર આવી૦ (મારી જાન)
જઈ કીધો ત્રીકમને ફરી સજીવન
પછી ગઈ વીતી રાત૦ જ્યારે થઇ છે પરભાત૦
ત્રીકંમ ઉઠયો કઠણુ કરી મન
તે મનમાં કરોધ બહુ લાવ્યો૦ રાજાની પાશે આવ્યો (મારી જાન)
તેને જોઇને કહે છે રાજન
તું જલદી ઘેર જજે* બાવાના ફેલ કરજે૦
મુખથી નહીં કેહેતો વચન

બેનમાઇ.

ત્રીકંમ ઘરમા આવી૦ ખુબ ફેલ બતાવી૦
ઉનું પાણી રખાવી૦ બેઠો નાહાવાને ત્રીકંમ
કહે આંગ મારૂં ચોળ૦ તન પાંણી માહે રોળ૦
સમજી નારી આવા બોલ૦ ખાધો મનમા ઘણો ગમ

ચાલ છોટી.

કોઇ દહાડે નહીં ને આજ એવું કેમ બોલો,
તમારે હાથેથી તમારૂં એ તન ચોલો,

માારૂં મન નહીં તમે દુખ દરીયામાં રોલો,
શું છે એ મનની વાત મારી કને બોલો,
દોહરો.
મને તું નહુવરાવી કરી મેલ પલંગ ઉપર,
કેમ ઉચકું તમને પતી મારી નાની છે ઉમર.
શેર.
ત્રીકંમ કહે બાવાનો તે કેમ ઉંચકીયો ભારજી,
બશ એટલું સાંભળતા લીધી નારીએ તલવારજી,
મારા વાહાલાને તેં માર્યો વેરી તું ભરથારજી,
ખુન લઉં મારા વાહાલાનું હમણા કરૂં તને ઠારજી.
એટલું કહીને ઘાત કરે છે. રાજા આવી હાથ ધરે છે. (મા.જા)
રાજા કહે તું છે રાંડ બદમાશ
પોતાનું માથું કાપી. સતી થાએ ધણીને આપી.
તોબી ન કરો વીશવાશ
રાજા કહે સતી તુ નારી. હવે થઈ ખાત્રી મારી. (મારી જાન)
જોયું મેં સતીપણું તારૂં,
ભોળો તારો ભરથાર. હમણા કરતે તેને ઠાર.
પછી શું રેતે પણ મારૂં,
ત્રીકંમ કહે રાજા સુણો વાત. આ નાર ઘણી કમજાત (મા. જા)
મારવું એને ઘણું સારૂં.
રાજા કહે એ છે મીથ્યા. નહીં કરવી સ્ત્રી હત્યા.
તેથી મંજુર કર તું વારૂં.

બેનમાઈ.

એના કાપો બને કાન૦ ચોટલો નાકબી નીધાન૦
એને કરી ખુબ હેરાન૦ કાહાડો ગામની બાહાર,
બેસાડી ગધેડાપર૦ ચરચા થઈ ઘરોઘર૦
પડી શેહેરમાં ખબર૦ જોવા આવ્યા નારીનર૦

ચાલ છોટી

કહે દાદાભાઈ તમે વાતોપર ચીત ધરજો,
ભુલેથી એવી નારીનો સંગ નહીં કરજો,
એવી નારી હોએ તો ઝેર ખાઈ મરજો,
નહીંતો દુનીયામાં વાંઢા થઇને ફરજો.

દોહરો.

સ્ત્રી ચરીત્ર ખુબ કરી ઠગે પતીને નાર,
ભોળા પતી જીવ ખોયે છે રાખીને ઈતબાર.

શેર.

શેઠ શાપુરજી કહે પુરો થયો હવે છંદજી,
છંદ ખરશેદજી કહે કડી કાઢીઆં બંદજી,
નશરવાનજી નવરોજજી કહે કાવશજી થઈ આનંદજી
આદરજી રામચંદ્રને કહે સમરો હરીહર ચંદજી.
મનીરામ કહે સમજ નર૦ નારીનો ભરોંસો નહીં કર૦ (મારીજાન)
જોઇએ તો કરજો તમે અજમાસ.

પોતાનું માથું કાપી૦ સતી થાએ ધણીને આપી૦
તોળી ન કરો વીશવાશ.

ખ્યાલ.

હિન્દ તણા હિતેચ્છુ, જ્ઞાની, આવો હવે તમો નરનારી;
સેવા કરો તન મન ધન, વચનથી; લાખો દુખી છે ઘરબારી ૧
દીન દીન વધે દરીદ્રતા હિન્દમાં, દીશે જગજગ ભીખારી;
જુઓ હિન્દને લુંટે ગરીબી. જાગો કહું છું લલકારી.
ધાજો, ધાજો, ધનવાંનો ધાજો, હિન્દમાતા થઈ દુખીયારી.
સેવા કરો તન, મન. ધન, વચનથી, લાખો દુખી છે ઘરબારી ૨

સાખી.

લાખો ભુખે ટળવળેને, વસ્ત્ર વીણ લાખો ફરે;
મધ્ય વર્ગ આબરૂમાં મોત વીણ લાખો મરે,
પાપી પેટને પાળવા, કુકર્મ કરતાં ના ડરે,
બંધુઓ ભારત તણા અજ્ઞાની થઇને વીચરે.

હુન્નર ઉધ્યોગના મંડળો સ્થાપી થાઓ જગેજગ ઉપકારી;
થાયે ઉન્નતી હિંન્દની જેમાં, એવી કરો ઝટ તૈયારી
ધાજો, ધાજો, ધનવાનો ધાજો, હિન્દ માતા થઇ દુખીયારી,
સેવા કરો તન, મન, ધન, વચનથી, લાખો દુખી છે ઘરબારી

(સાખી)

ફર્જ છે ધનવાનનો સેવા કરો મનથી તમો;

તનથી. મનથી, વચનથી, સેવાનો રૂડો છે સમો,
છેલીયા ફક્કડ થઈ, અક્કડ બનીને કાં ભમો.
દાઝ રાખો દેશ કેરી, સત્ય સેવક થઇ નમો.

દેશી બની કરો દેશની સેવા, સંપીલા થઈ નર; નારી;
'દાસ સતાર" કહે કરજોડી, છોડી દયો વાતો તકરારી,
ધાજો ધાજો, ધનવાનો ધાજો, હિન્દ માતા થઇ દુખીયારી;
સેવા કરો તન, મન, ધન, વચનથી, લાખો દુખી છે ઘરબારી૪

કઠીયારાની કહાણી.

(રંગત લંગડી.)

કોઈ એક માતા પુત્ર વાસ્તે કષ્ટ કરી આપે છે માન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન—
ઉતમ નગ્ર એક હતું ચંપાવતી નગરી સારી
વસે નગરમાં શેઠ સાવકાર અને બહુ વેપારી,
શેહેર હતુ ગુલજાર વસે એક કઠીઆરો અને કઠીઆરી
હતા તે નીરધન બીચારા અને હતી બહુ લાચારી.

શેર

ધ્યાન ધરીને સમજો ભાઇ કઠીયારાનો સારજી.
પુત્ર હતા બે તેહના બહુ વંશના દુખીયારજી.

કઠીઆરી બત્રીસ લક્ષણી જાતે હતી, છીનનણુ.
યાર રાખેલો હતો એક ગામનો સાવકારજી.

ચાલ છોટી

પેલી કઠીયારી કમજાત હતી વ્યભીચારી,
બે પુત્ર અને ભરથાર મેલ્યા વીસારી,
પેલા વણીક ઉપર રાખે રાંડ બહુ યારી
કહે શેઠ લાગે તું મુજને પ્રાણથી પ્યારી.

દોહરો.

તું મારી દીલજાન દીલોદીલથી સાંભળ મારી વાત—
કર જલદી તું રસોઇ પુરન પુરી દાલને ભાત
જમીને બન્ને ઉઠયા પલંગપર બેસી ખાય સોપારી પાન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન—૧
નાર કરે શણગાર રાણી મોહના જેવો ભપકો સારો
નવીન ભોજન જમે નીત ભુખે મરે છે કઠીયારો.
ખાંધે કુવાડો લઇને જાય જંગલમાં કાસ્ટ લાવે ભારો
વેચી ગામમાં પઇસા લઇ કરે પુત્રોનો ગુજારો

સેર

માતા પુત્રને ચાહે નહી વીક છે અવતારજી,
રસોઇ સરવે કરી રંડ પછી બોલાવ્યો યારજી.
પુત્ર પાણી ભડકુ પીએ તે જમે બેઉ કંસારજી,
ધણીને જલ પાયે નહી પેલાને ઘીની ધારજી.

એક દહાડો કાસ્ટ લેવાને ગયો કઠીયારો,
જઇ એક વૃક્ષ નીચે બેઠો બીચારો
ઉઠીને ડાળ જંગીપર માર્યો કુવાડો
હતો જંગી ડાળપર એક શુકનો માળો

દોહરા.

માળાની અંદર રહેતા પોપટી અને પોપટજી.
હતા બે બચ્ચા માળામાં તેથી બોલ્યો તે ઝટજી
ન માર કઠીયારા તું હમને હરી તારૂં કરશે કલ્યાન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક-૨
ડાળ કાપવાની છોડી કઠીયારો મનમાં તે શું કરે વીચાર
નજર કરીને જુવે એક પોપટ દ્રષ્ટે આવ્યો યાર
માળાની અંદર બેઠેલો શુક રહયો કરી ત્યાં શોર પુકાર
ન માર હમને અરે કઠીયારા કરૂં કંઇ હું તારો ઉપકાર,

શેર

નહીં મારૂં તમને હું દીલગીર ન થાવો મન,
પોપટ કહે કઠીયારા તમને આપું મારો એક તન.
પાળજે તું પ્રેમથી અને કરજે તુ ઝાઝુ જતન,
એને મોઢેથી સમજ સવા લાખનું પડસે રતન.
દર મહીને પડશે રતન સમજ કઠીયારા,
તું નીકળ્યો ઘેરથી શુકન થયા કંઇ સારા,

કરજે એનુ કલ્યાણુ થાય બચ્ચા મારા,
આવ્યો કઠીયારો બચ્ચુ લઈને બેઠી જ્યાં દારા,

દોહરો.

કઠીઆરે આવી બચ્ચુ આપ્યું કઠીઆરીને હાથજી,
વન અંદર જે બની હકીકત સંભળાવી સઉ વાતજી.
પક્ષીનું જતન કરસો તો આપનું થઈ જાશે કલ્યાણુ,
કોઇ એક માલા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન. ચોક—૩.
ઘાલી પીંજરામાં બચ્ચાને નરનારી બેઉ કરે જતન,
તે બચ્ચાને મોડેથી સવા લાખનું પડયું રતન,
બજાર અંદર આવ્યો હાથમાં લઇ કઠીઆરો થાય મગ્રન,
વણીકને દવારે દવારે લઈ આવ્યો સમજો મારા સજન.

સેર.

હાથમાં આપ્યું જવેરીને જઇ તતકાલજી,
રતન છે તાહારૂં ખરૂં કહે છે જવેરી લાલજી,
કીમંત કરી કહે છે જવેરી સવા લાખનો છે માલજી,
લાખ આપ્યા રૂપઇયા તે લઇ આવ્યો કંગાલજી.
લઇ આવ્યો લાખ આપ્યા કઠીઆરીને હાથે,
મુજ પ્રાણુપતી પીયારી કહે સાંભલો નાથે,
કરો આરામ ખાટલા ઉપર પુત્ર સંઘાથે,
જમવાને કરૂં રસોઈ ને જમીયે આપણે સાથે

દોહરો.

પલક એકમાં કઠીઆરીએ રસોઇ કરી તઇયારજી,
રાખેલો જે હતો રાંડનો બોલાવ્યો સાવકારજી.
પુત્ર સ્વામીને સુકો રોટલો યાર નાર જમે પકવાન,
કોઈ એક માતા ખાસ લેવા ઇછે પુત્રનો જાન. ચોક-૪.
પોપટ પુન્યેથી થયો કઠીયારો સમજો બહુ ધનવાન,
તોડી ઝુંપડી અને એક બાંધ્યો જાતે મોટો મકાન.
ખુશી થયા સૌ લોક કહે કઠીયારાપર ત્રુઠયા ભગવાન,
સુખનો સાગર ઉલટયો દુખ ગયું સમજો દીલજાન.

સેર.

નગ્રવાસી લોક સહુ આનંદ થયા નરનારજી,
એટલે ત્યાં આવ્યો સમજો કઠીયારીનો યારજી.
કઠીયારી કહે અય દોસ્ત મારા પ્રાણના આધારજી,
દાસી છઉં હુકમમાં પ્રાણ આપવા તૈયારજી.
કહે યાર નાર તું લાગે પ્રાણથી પ્યારી,
એક પુછું વાત કહે તું મુજને વિસ્તારી.
કોણ પતી તાહરો અને તું કોની નારી,
કઠીયારી કહે પ્રાણ આધાર છઉં તમારી.

દોહરો

પ્રીયે પ્રાણ વલ્લભ તું મારી પ્યારી ચતુરસુજાનજી,
કહે કારણ તું મુજને રુંપરી ગઈ થયું મકાનજી.
ધન કોણે આપ્યું તમને કે રુઠ્યા તમપર ભગવાન,
કોઇ એક માતા પાસ [illegible] પુત્રના જાન. ચોક—૫.
ધન [illegible] ચોર શુંક ને પુનિ કરી,
સવા લાખનું રતન [illegible] સુખથી પડે ખરી.
વીસમે થઈને [illegible] ઉપર નજરે નરી,
હાયરે [illegible] ખરેખરી.

[illegible]

ત્યાર પછી [illegible] ત્યાં વનીતા પેરજી,
વ્યાધી [illegible] દેરજી.
શેઠ બહુ [illegible] કહ્યું કેરજી,
ધીક્કાર છે પ્યારી [illegible] નેરજી.
કહે પ્યારી [illegible] પ્રાણ,
જીવ્યાથી [illegible].
કહે શેઠ [illegible],
એને મારી [illegible].
ફેલ કરી બહુ [illegible] જાણુંજી,
રતન પડે [illegible] ધારજી,

ફેર કીધો કમજાતે ઝટ પોપટનો કાઢી લીધો પ્રાણ,
કોઈ એક માતા ખાસ લેવા ઈચ્છે પુત્રનો જાન. ચોક-૬.
રાંધ્યુ માંસ પોપટનું રાંડ ભુંડીએ કાંઈ ના કીધો વીચાર.
જઈને માળ પર કહે પ્યારા ચાલો ખાવું તૈયાર.
માળે કરે બેઉ વાત એટલે કઠીયારીનો આવ્યો પરીવાર.
પુત્ર નાંહાનો આવી સઉ ખાઇ ગયો સમજો હોશદાર.
શેર—નીચે આવીને જુવે બેઉ ખાવાનું કાંઇ ના મલે,
ભમરી ખાઇ પડીયો વાણીયો પ્રાંણ આવ્યા છે ગલે.
જાત્રા બેઠા પ્રાણ મુજને હોળી અંતરમાં બળે,
જઈ બેઠો ઘેર આંગણે વીચાર કરે મનમાંઇ,
મારે માટે માંસ રાંધેલું ગયું કોઇ ખાઇ.
બે પુત્ર છઇ કઠીયારો આવ્યો ઘરમાંઈ,
પુછયું પછી રાંડને બચ્યું ગયું છે કાંઈ.
ઉડી ગયું છે બચ્યું મારા પતી પ્રાણ આધારજી.
સાંભળી વાતને કઠીયારો બહુ રૂદન કરે અપારજી
પડયું રતન એક મારે પુત્રના મોમાંથી ઝુન ધર ધ્યાન,
કોઇ એક માતા ખાસ લેવા ઈછે પુત્રનો જાન. ચોક-૭
એક દહાડા સમે શેઠ કહે સાંભ૧ વાત મારી પ્યારી,
પુત્ર નાહાનો કાપી અને કાળજું લાવ પાસે મારી
મનમાં મેર ના આવી રાંડ કહે કાપી લાવું પાસે તારી,
ફીકરના કરતાં તમારી દાસી છઉ આજ્ઞાકારી.

શેર.

આજ્ઞા ચડાવી માથે મારવા થઇ તઈયારજી,
કુઠાર કાઢી એક હાથે દેખતા સાવકારજી.
પ્રકાશમાં રહેતી હતી એક બ્રાહ્મણી હુસીયારજી,
હકીકત સઉ સાંભળી પોહોચી જ્યાં હતી નીશાળજી.
આંખમાં આંસું બ્રાહ્મણી કહે છે બાળે,
લઇ પ્રાણુને નાસો માતા તમારો કાળે.
કહે પુત્રો હાય શું થાય જગ પ્રતીપાળે,
નીર અપરાધી બાળોની લેજો સંભાળે.

દોહરો.

કહે જો હમારા તાતને જે મલશું કોઈ એકવાર
જીવતા રહીશું તો મલશું પીતા ભુલીએ નહી ઉપકાર
ચક્ષુથી જળધાર વહે કહે માતા તે આપ્યું જીવતદાન,
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક-૮
હરી તું કુલ દુનીયાનો બસ હમને તાહારો આધાર,
નથી હમારૂ કઇ આ જંગલમાં સાંભળ કીરતાર
હમારા પર રૂઠી જે માતા તું ન રૂઠતો અય સરદાર,
બાલક તમારા અમે નીર અપરાધીની કરજો વાર.

શેર.

સાત દીવસ રહીને ગયા રડતા બહુ જંગલ વીચે,
બાલ વરૂ સહી દર્દ જંગલમાં સઉ રડતા દીસે.

સાંભળી જીવ જંત રડતા તે સહુ જંગલ વીસે,
દયા લાવી નાસે કે જરી બાળક જોઇ અમને બીસે.
બહુ હતુ ઘોર અંધારૂ અને મધરાતે
એક વૃક્ષ નીચે આવીને બેઠા બેઉ ભ્રાતે
બોલ્યો મોટો ભાઇ તે નાનાભાઇની સાતે
બહુ થાકયો તું લે નીદ્રા જાશું પરભાતે.

દોહરો.

લઘુ બંધવ નીદ્રા લઇ સુતો જેષ્ટ બંધુની પાસ
સુખનો પંથ દરસાવ હરી તું પુર હમારી આસ
ઉપર વૃક્ષના હતા રહેલા બે પક્ષી ચતુર ગુણવાન
કોઈ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોકસ
અરસપરસ બેઉ પક્ષી કરે છે વાત રહી વૃક્ષની ડાળે
મોટાંભાઇને મળશે રાજ સમજ પ્રાત:સકાળે
ભર નીંદ્રાંમા સુતો લઘુ બંધવ સીર ગાજે છે કાળે
સર્પ થઇને ડંસ કરસે મરસે નાનો બાળે.

શેર

સમજી ઝાડ પાહાડ પક્ષી સૌ કરે પુકારજી
માતા રૂઠી બેઉ પર નહી-રૂઠતો કીરતારજી
નીર અપરાધી બાળ બે સુંદર દીસે સકુમારજી,
ઉપજે દયા અંતરમાં હમને કરજો એની વારજી.

વૃક્ષની ડાળપર પક્ષી સહુ રૂવે છે
ફળ જળ તજી પોતાનો પ્રાણ ખુવે છે.
પક્ષીયો દ્રસ્ટે નીહાળી અને જુવે છે
આવી મોટા ભાઇને નીંદ્રા તે પણ સુવે છે.

દોહરા

સર્પ એક આવીને ડંખ્યો ગયો ભાઇનો પ્રાન
આવ્યું સ્વપનુ ઝપકીને ઉઠયો ઉઠો બંધવ નાદાન
પ્રાણ દેહમાં મળે નહી જોતામાં દેહનું ભુલ્યો ભાન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક—૧૦
હાય હવે શું થાય પ્રીય બંધવનો પ્રાણ આ કોણે હર્યો
વન વગડામાં મુકી એકલો ને મારગ કીયાનો ધર્યો
નથી કઇ તકસીર માહારી બંધવ કોપ તેં કેમ કર્યો
દયા ન આવી મારી મને મુકીને તું ભવસાગર તર્યો.

શેર.

પરમ પ્રીયે પ્રાણ મારા બંધવ મેલી કયાં ગયો,
અરે નીરદે જીવ મારા દેહમાં તું કેમ રહયો,
વીયોગ તારો વીરા મારાથી તો ના જાયે સહયો;
આવી દયા માહારી નહી નીરદોસ કેમ નીરદે થયો.
આ ગમની વાત કહું કેની પાસે વીસ્તારી,
મારા દર્દે ભરેલા જીવને મારી કટારી

મળશે ક્યાં મને તું અરે પ્રાણ આધારી
એકવાર તને મળવાની છે ઇંતેજારી.

દોહરો,

કાસ્ટ લાવું જઇ ગામમાં અને અગનીદાહ દઉ આજ—
પ્રાત:કાળે આવ્યો શેહેરમાં પકડીને આપ્યું રાજ
રાજ રીધના સુખ સંપતમાં ભુલી ગયો બંધવ નાદાન
કોઈ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન. ચોક-૧
સુખમાં ભુલી ગયો મરેલા ભાઇની શું થઈ ગતી,
લાસ પડેલી વૃક્ષ નીચે ત્યાં આવ્યો એક જતી,
કરો જીંદા બાલકકો ગીરધારી હે તુમારી પ્રબલ મતી,
તુંમ કીરપાસે કરૂં જીંદા એ દેખ છતીયા મેરી જલતી.

શેર.

જીંદા કીયા બાલકકો ઉસકે સંગમે વો લે ગયા,
મે ગુરૂ તું શિષ્ય મેરા સાધુને મુખસે કહ્યા,
મે બાલકું શરણે તુમારે રખના તુંમ મુજપે દયા,
સાધુ કહે સુન બાલકા મેરી મોત હે તુજપે મયા.
કહે દુખની વાત બહુ આંખમાં આંસુ લાવી
માતાને દુખેથી નાઠા જાન બચાવી
સુતો મોટાભાઈના ખોલામાં નીદ્રા આવી
નીદ્રા ભર મુંકી ગયો મને ફસાવી.

બાવા સંગાથે આવ્યો પુત્ર ભાઈનો રાજ મોઝારજી,
મોટો ભાઈ ત્યાં રાજ કરે તેને ખબર નથી દીલદારજી.
ખાસ મંદીર હતું પોતાનું ભજે ત્યાં હરીને ભગવાન
કોઈ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન. ચોક-૧૨
એક દીવસના સમે પુત્રના મુખમાંથી પડયું રતન
સવા લાખનું જોઈને ગુરૂનું બહુ હરખ્યું મન.
કો કોઈ કારણ રૂપ હે લડકા દેખ ગુરૂ મનમે પ્રસન
હોકર કહેતા ન દેખું તુજે મુજે ના ભાતા અંન.

શેર.

આજ્ઞા તમારી છે મને જોવાને ઇચ્છા શેહેરજી,
આપો રજા જલદી તમે લાવીરે મનમાં મેરજી.
દેખો ઇચ્છાસે નગરમેં કરો અછી લ્હેરજી
ડરના નહીં બચ્ચા ન જાના તુંમ કીસીકે ઘેરજી.
નીકળ્યો છે નગ્ર જોવાને છેલ છબીલો
કમરમાં કટારી બાંધે દુપટો લીલો
કંઈ આસક નગરની નાર જોઈ રંગીલો
નહીં હતું કોઈ સંગાથ હતો એકીલો.

દોહરો

ચાલ્યો જાય રસ્તે હતું ત્યાં ગુનકાનું મકાનજી,
પોપટ હતો ગુનકાનો તેની દ્રસ્ટે આવ્યો જવાનજી.

પોપટ કહે સાંભળ ગુણુકા મારી વાતપર ધરજે ધ્યાન
કોઈ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન. ચોક-૧૩
જાય છે છોકરો આ સુંદરના મોહોમાંથી પડે રતન
એનું કાળજું ખાય તું તો વરસે ઘરમાં કંચન
સાંભળી વાત તેને બોલાવ્યો થઇ બહૂ ગુણુકા પરસન
અરે ઓ પ્યારા–પ્યારા બહું મને તું લાગે તન મન ધન

શેર

કરી બહુ છલ ભેદ તેને પલંગપર સુવાડયો
જલદ હતો ખંજર બહુ વીજળી સરીખો કાડયો
છાતીપર તેની ચડી બાળકે બુંમ પોકારીયો
ભુંડી દયા આવી નહીં કટાર જઈને મારીયો
સઉ ઉભી હતી કુલજાહાન પુત્ર જોવાને
પડયો તે ખાટલા ઉપર ગયા છે પ્રાણુ
પુત્રની પાછલ નીકળ્યો ગુરૂ ફરવાને
લાગ્યો પુછવા આવી શું ઉભા તમે જોવાને

લોક કહે છે સાંભળો બાવા એક હતો કોઇનો બાળજી,
આ ગુનકાને મેલે ગયો જાને થયો છે તેનો કાળજી,
ગયો ગુરૂ ગુણુકાના મેલ ઉપર ચેલાનો નિકળ્યો છે પ્રાણુ
કોઇ એક માતા ખાશ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક-૧૪
અહી કેશ ગુણુકાના ગુરૂ લાવ્યો નીચે સઉ જુવે લોક,

લાસ ચેલાની જોઈ લોકોના મનમાં ઉપજયો શોક
નગ્ર નીવાશી જનો થયા ગમગીન પુત્રનો લાવી શોક
નીર અપરાધી લાશને જોઈ રડે સઉ પોકાપોક.

શેર.

ખબર થઇ નગ્રપતી આવ્યો છે જોવા લાસજી
જુવે છે આવી ત્યાં ભાઇ પોતાનો ખાસજી
ગમગીન તે રાજા થયો મનમાં બહુ ઉદાસજી
કોણુ એ પુત્ર કોહોનો છે કરો તપાસજી
કુહે જતી સુન પુરપતી યે મેરા ચેલા
એક રોજ ગયા મેં જંગલ બીચ એકેલા
એક વૃક્ષકે નીચે પડા હુવાથા મરેલા
વો કરકે સંજીવન મેને સંગ લીયેલા.

દોહરો.

પુરપતી જઇ બાઝયો લાશને નીશ્ચે એ મારો ભાઇજી
તને ગયો છું ભુલી હું બંધવ મરૂં કટારી ખાઇજી
બળ્યું આ મારૂં રાજ કાજ સઉ તાજ કરૂં મારો આ જાન
કોઈ એક માતા ખાશ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક—૧૫
લઈને ખોળામાં લાસ ભાઈની સુરત જોઈ બહુ કરે પોકાર
તારે વાસ્તે આપું આ જાન મરૂં ખાઈને કટાર

મેલી લાસ જંગલમાં હું આંવ્યો લેવા કાષ્ઠ થઇને લાચાર
ગયો શહેરમાં ઉઘડતી ભાગળ રાજ મળ્યું દીલદાર.

શેર.

ભુલી ગયો તને હું અપરાધી બહું તારો થયો
ખબર તારી લીધી નહી ને છેક હું નીરદે થયો
વજીરે આવી ત્યાં રાજાને બહુ સમજાવ્યો
કહે જતી શુન પુરપતી જીંદા કરૂં તુંમ દેખયો
જોવાને ત્યાં મળી છે ખલકતે સારી
કંઇ રૂવે બાલકો અને રૂવે નરનારી
કર જલદી સજીવન બાળા કહે સંસારી
કર્યા મંત્રે સજીવન બાળાયે જાદુ મારી

દોહરો.

સજીવન થઇ ચેલાએ મુક્યું ગુરૂ ચરનમાં શીશજી
તીરથ રૂપ છો ગુરૂ તમે મારા પરીબ્રમ જગદીસજી
અરસપરસ બેઉ ભાઇ મલ્યા તે કરે વાત દુખની દીલજાન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક—૧૬

ફાંસી દીધી ગુનકાને સઉ લુટી લીધું તેનું ઘરબાર
છુટાવી આવ્યા ભાઇ બેઉ ગુરૂ સગાથે રાજ દુવાર
દુખની વાત બેઉ કરે મલીને બેઠા બેઉ મહેલ મોઝાર
યાદ આવ્યો પીતા આપણો હશે ત્યાં દુખી અપાર.

શેર.

આપના વીજોગમાં પીતા ઘણો હેરાનજી
મનમાં મેટો ભાઈ સમજીને થયો બેશાનજી
જ્યાં ભાઇ બેઉ આવ્યા ચંપાવતી શુભ સ્થાનજી
જોઇ પીતા બેઉ પુત્રને પુરો થયો અરમાનજી.
પુત્રને જોઇ પીતાને આનંદ ભારી
ઈચ્છા શું છે કહે વણીકને કઠીયારી
કાળજુ હું લાવું કહો તો પુત્રને મારી
સાંભળી નાનાભાઈએ લીધી કટારી.

દોહરો.

મોટો ભાઇ વારે છે ભાઈ કરીયે ના એવું કામજી
સ્થાન નરકમાં મલે વળી અને રૂઠે સીતારામજી
કરણીનું ફૂળ મળસે એને સાંભળ તું બંધવ નાદાન
કોઇ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક ૧૭
હતી બ્રાહ્મણી ધરમવંતી તેને બહુ ધન આપીને ખુશી કરી
ધરમની માતા જીવાડયા તે હમને તે વાત ખરી
પીતાને લઇને ચાલ્યા ભાઈ બે માલ મતા શકટ ભરી
આવ્યા રાજમાં પોતાના મનની ઇચ્છા પુરી કરી.

શેર.

ગુરૂ યશુ બયાન એ સાંભળ કરી વીચાર તું,
નારી નઠારી હોય તેનો કરજે ના. ઈતબારતું,
ભરોસે રહેતો નહી રહેસે તો ખાસે મારતું,
માટે નઠારી કર અકારી નાર એ દીલદારતું.
ઉસ્તાદ મારો અબદુલહુસેન ગુરૂ જ્ઞાની
હાજી ફરજુલ્લા ગાય ખ્યાલ હુક્કાની
જગજીવન બાહાદર કરે બહુ નાહાની
કહે તુરાવાળાને ખબર નથી ગાવાની.

દોહરો.

સાલ બાવન પ્રથમ જેઠ વદ છઠ ને સોમવારજી
તે દીવસે સીવલાલભાઇએ ખ્યાલ કીધો તૈયારજી
અલીભાઈ કહે રાખો સભામાં લાજ તમે મારી ભગવાન
કોઈ એક માતા ખાસ લેવા ઇચ્છે પુત્રનો જાન ચોક–૧૮

બે દોશદારનો પ્રેમ પ્રીતનો દાખલો

દોશતી દુનીયામાં કોઇ કરવા જાણે,
મારીજાન-જીવાને કોઇ પૂરૂશ ગુણવાન.
દોશતીને કારણે ખોયો આશોએ પોતાનો જાન,
માયાની માસલુ મોહોબત મનમોહની છે.
મારીજાન-કાન દઇ સુણજો કહું શાની,
શી રીતે એક દીધે દોશતીની રે કદર જાની,
કોઇ એક ઠેકાણે હતા બેઉ દોશદારે,
મારીજાન-એક દીલના બેઉ દીલજાની,
એક બીજાને જોયાં વગર કોઇ પીએ નહીં પાની.

ચાલ

એક રજપુત બીજો સાવકારનો તનજી,
બેઉનુ બચપણથી લાગ્યું તું મનજી,
કરે મોજ મજા ફરે સાથે રાતો દનજી,
કરે એક બીજાપર અર્પણ તન મન ધનજી.

મારીજાન–પછી શું થયું તે કહું બ્યાન,
દોશતીને કારણ ખોયો ચારોએ પોતાનો જાન. ૧
એક દહાડે શેહેરમા નીકલ્યા બને ફરવા,
મારીજાન–મેહેલ રજપુતનો દીઠો ભારી,
શોભા અપરંમપાર મેહેલની ખુલી હતી બારી,
તે બારીમા એક બીજો ચંદ્રમા દીઠો,
મારીજાન–હતી તે રજપુતની નારી,
તેને જોઈને સાવકારે એક હાય મારી.

ચાલ.

ચેરાનો ઉતર્યો રંગ પડયો ખીશીઆણો,
તે નારીને જોઇ દીલથી થયો દીવાનો,
થઈ વ્યાકુલ ઉભો થઇ ત્યાંજ તે છાનોમાનો,
જેમ દીપક જોઇને બળી જાએ પરવાનો,
મારીજાન–તેમ તે બળવા લાગો જુવાન,
દોશતીને કારણે ખોયો ચારોએ પોતાનો જાન. ૨
રજપુત ઝટ સમજયો જોઇ રંગ ચેહેરાનો,
મારીજાન–ઉભા કેમ હ્યાંજ ભાઈ મારા,
શું કારણથી તમારા કરમાયા બેઉ રૂખ સારા
એવી શું ચીંતા થઇ મને કહો ભાઈ,
મારીજાન–તમે મને પ્રાણથી છો પ્યારા,
જાઉં જીવથી તોબી ફરૂં નહીં હુકમ તારા.

ચાલ.

કહે સાવકાર ભાઈ વાત સમજ તું મારી,
આ નારીએ મારી મારા દીલમાં કટારી,
એના જખમથી સુસ્ત થઇ ગઈ મારી કારી,
હું નથી જાણુતો હસે તે કોની પ્યારી.
મારીજાન–એને મલવાનો મને અરમાન,
દોસ્તીને કારણે ખોયો ચારોએ પોતાનો જાન. ૩

બની શકે તારાથી તો મને તેને મેલવ,
મારીજાન–પુરણ હોએ તારી મુજપર મહેર,
તું જો મને નહી મેલવસે તો મરીસ હું ખાઈ ઝેર,
રજપુત મન કહે મારેથી દોસ નથી વાકેફ,
મારીજાન–મેલવું એને હવે ખસખેર,
એક બાજુ બેસાડી દોસને આવ્યો પોતાને ઘેર.

ચાલ.

તે આવીને કહે સાંભલ પ્રીય પ્યારી,
તું ખરીજ હોએ મારી જો પ્યારી નારી,
તો આજની રાત બસ રાખજે મરજી મારી,
મારા દોસની કર તું દીલથી તાબેદારી.
મારીજાન–કરજે આજની રાત મીજબાન,
દોસ્તીને કારણ ખોયો ચારોએ પોતાનો જાન. ૪

મારો દોસ્ત નહીં જાણે કે મારી તું નારી,
મારીજાન—એવી કોઈ તજવીજ તું કરજી,
જરા દુઃખ નહીં દેતી રાખજે એની સઉ મરજી,
એની મરજી માફક બધા કામ તું કરજે,
મારીજાન—સમજીને પોતાનો વરજી,
કરજે મારેથી સેવા વધારે એની સુંદરજી,

ચાલ.

નારીએ માન્યું જે કંઈ કહ્યું પ્રાણનાથે,
કહે નારી તમારી આજ્ઞા ચડાવી માથે,
સ્ત્રીનો અરધો જીવ સ્વામીની સાથે,
હું જઈશ સ્વર્ગે જો મરીશ તમારે હાથે,
મારીજાન—ભલામણ દઈને ગયો દીલજાન,
દોસ્તીને કારણે ખોયો ચારોએ પોતાનો તન ૫
તે આવી દોસ્ત દોસ્તદારને કહેવા લાગ્યો,
મારીજાન— તમારૂ આવ્યો કરીને કાજ,
બેલાશક તમે આખી રાત જઈ કરો મનગમતું રાજ,
સમજીને દોસ્તનો આભાર માનવા લાગ્યો,
મારીજાન—તમે છો મારા સરના તાજ,
જીવતદાન મને આપીને બસ ઉગારી લીધો આજ.

ચાલ.

લઈ રજા દોસ્તની ગયો તે માળા ઉપર

જોતાને વાર સનમુખ જાવી તે સુંદર,
હેતેથી ઝાલ્યો નારીએ તેનો કર,
કહે ભલે આવ્યા તમે મારા શીરના છત્તર,
મારીજાન-બેસાડયો દઇને આદરમાન,
દોસતીને કારણે ખોયો આરોએ પોતાનો જાન,
અતી આદરમાન જોઇ સેઠ ઘણો હરખાયો,
મારીજાન-થયો તે મનમાં અતી રાજી,
ગઇ ગમી પેહલેની મનમાં ખુશી થઇ તાજી,
દાસીને પાન સોપારી મોકલી લેવા,
મારીજાન-પછી કાઢી ચોસઠ બાજી,
સેઠ કહે પ્યારી પાણી પા મને લાગી તરસ ઝાઝી,

થાળ.

પાણી લેવા તે ગઇ ઓરડીની અંદર,
એટલામાં સેઠની નજર પડી ખુંટીપર,
ટાંગ્યું તું દોસતનું મદીલ એક વળી ખંજર,
તે સમજયો રખે મારા દોસતનું નહોએ ઘર.
મારીજાન-ઉઠીને જોયું ધરીને ધ્યાન,
દોસતીને કારણે ખોયો આરોએ પોતાનો જાન,
એટલામાં નારી પાણી લઇને આવી,
મારીજાન-દીઠી જોઈ આંગળીએ નીશાની,

આશ દોસ્તનું છે આ ઘર એવો નીશ્ચે કર્યો વીચાર,
નારીને મોકલી તેડવાને હાસીને,
મારીજાન–હુકમ માનીને ગઇ તે નાર,
એકાંતવાસ જોઇને સેઠે બંધ કીધા ઘરના દુવાર.

ચાલ.

શાબાસ દોસ્ત તારા દીલને ધન તારી માને,
મારા દીલને સારૂં તે સોંપ્યું તારૂં મકાને.
હું કુડ કપટી આવ્યો કુડ કરમ કરવાને.
મને માફ કરજે હુ તદન હતો અંજાને,
મારીજાન–દોસ્ત તારૂં ભુલું કેમ આસાન,
દોસ્તીને કારણે ખોયો ચારોએ પોતાનો જાન, ૮
પેહલેથી બીના લખી સઉ કાગળમાં.
મારીજાન–મુકી માથાં નીચે નીરધાર,
આએ મારા પાપી જીવ પડો સો સો તુજપર ફીટકાર,
કાળું મોહડું મારા દોસ્તને કેમ દેખાડું,
મારીજાન–છે મારા જીવતપર ધીકકાર,
હવે દોસ્ત કયામતમાં મળીશું પાછા બેઉ દોસ્તદાર.

ચાલ,

એટલું કહીને એક કટાર પેટમાં મારી,
પોતાને હાથે કીધી તનની ખ્વારી

એટલામાં પાછલે દુવારથી આવી નારી,
જોઇ નારીએ મનમાં વાત સહુ વીચારી
મારીજાન--આવશે તોહમત અંતનીધાન,
દોસતીને કારણે ખોયો ચારોએ પોતાનો જાન.
મારા પતીનો છે આ દોસ ખાસ તનમનનો,
મારી જાન-મુવેલો કદી તે જોસે.
શક લાવી મારાપર વળી પોતાનો જીવ ખોસે,
માટે હુંભી મારે હાથે મરીને જાઉં,
મારીજાન-પછી પતી મારૂ લોહી પોસે,
લઇ કટારી મારી ખોયો ઝટ જીવતે નીરદોષે.

ચાલ.

એટલામાં પાછલે દુવારથી આવી દાસી
આવીને લાસ એઉની તેણે તપાસી,
આવે આળ મારાપર વાત એ મનમાં વમાસી,
પછી પોતાને હાથે લીધી ગળામાં ફાંસી,
મારીજાન-દાસીએ કીધી જીવની હાન,
દોસતીને કારણે ખોયો ચારોએ પોતાનો જાન ૧૦
પછી ધણી વારે રજપુતની આવ્યો ઘરમાં,
મારીજાન-જોઈ ત્રણેની મુએલી લાશ,
હાએ વાએ કરવા લાગ્યો બેસીને દોસની પાસ.
પીખે બાલેબાલ માથાના છાતી કુટે,

મારીજાન-દોસ્તે તોડી મારી આશ,
હું નહીં જાણુતો હતો કે નારી એવી હશે બદમાશ.

ચાલ,

શું કારણ દોસ તુને રાંડે નાખ્યો મારી,
એવું જાણુતે તો હું સાથે આવતે તારી
એવું શું દુખ મારા દોસે દીધુતું ભારી,
એવી કેમ કસાઇ નીકળી અરે તું નારી.

મારીજાન-રાંડ કેમ થઇરે તું બેઇમાન
દોસ્તીને કારણે ખોયો ચારેએ પોતાનો જાન,
લઇ માથું દોસનું મેલ્યું પોતાને ખોળે,
મારીજાન-તો કાગલ લાગો એક તેને હાથ,
વાંચી બીના સૌ જાણી લખીથી પહેલેથી સૌ વાત,
નથી વાંક કાંઈ નારીનો નથી દાસીનો.
મારીજાન-નીશાની જોઈ મેં સૌ એકાંત,
શરમીંદો થઇ પોતાને હાથે કીધો મેં જીવનો ઘાત

ચાલ.

વાંચી બીના મનમા પસતાવા લાગ્યો,
પછી નારીના ગુણ ઘણુજ ગાવા લાગ્યો,
ત્રણેના નામ લઈ લઇ બોલવા લાગ્યો,
લઈ દોષને છાતી સાથે દબાવા લાગ્યો.

મારીજાન—હવે કેમ જીવું હું જગ દરમ્યાન,
દોસતીને કારણે ખોયા ચારોએ પોતાંના જાન, ૧૨
તેણે સાથે કીધા સુતી બાજુમાં,
મારીજાન—થઇ ગઇ ચરચા ભારીજી.
થઇ સવ્વર આજુબાજુ ઉઠયા નરનારીજી,
આવી બીના જોઇને ખબર કરી રાજાને,
મારીજાન—થઇ ગઇ ચરચા ભારીજી.
રાજા વજીર જોવા આવ્યા ભેગી ખલકત સારીજી

ચાલ.

પેહલા તો આવીને કરવા લાગ્યા તપાસે
પછી ઉંચકી જોઇ તે ચારોની લાસે,
તો ચીઠી એક પડીતી તેની પાસે,
વાંચી ચીઠીની બીના કરી બહુ કયાસે,
મારીજાન—વજીર તે હુતો ઘણો વીદવાન,
દોસતીને કારણે ખોયો ચારો ચારોંએ પોતાનો જાન ૧૩
કહે વજીર નથી ચારોને કોઇએ માર્યા,
મારીજાન—મુવા તે પોતાને હાથે,
દોસની દોસતીને લીધે થઇ ચારો જણની ઘાતે.
રાજાએ લાસ ચારોની સથે દફનાવી,
મારીજાન—પ્રસીધ થઇ દુનીયામાં વાતે,
દોસ કરો તો એવો કરો જે મરે દોસ સાથે

ચાલ,

કહે દાદાભાઈ ઉસ્તાદ દોસની કહાંની,
કાવસજી ઉપર સાહેબની છે મેરબાની,
નસરવાનજી નવરોજ બાદરજી છે જ્ઞાની,
મુરારજી ભીખુ રામચંદર દીલજાની,
મારી જાન-મનીરામ કહે છે હું નાદાન,
દોસ્તીને કારણે ખોયો યારોએ પોતાનો જાન, ૧૪

——:o:——

કાળની બલીહારી.

વિશ્વેશની અકળીત કળાનો કોણુ પામ્યું પાર છે,
એ જાદુગરના જાદુમાં આલમ બધીની હાર છે,
તજી રામ, ભજતા દામ સહુ કહે પ્રભુ ભજનની કાલ છે
એ કાલના કહેનારના આ જગતમાં બેહાલ છે,
મુંબઈ નગરમાં દાસ મોહન શેઠ એક વસતા હતા,
ધન માલથી ભરપુર વાણી શુર કહેવાતા હતા,
વૈષ્ણવ અનુચારી સદાયે કૃષ્ણને ભજતા હતા,
પુત્રાદી લગ્નોત્સવ મહિં ધન વ્યય બહુ કરતા હતા,
મણુસ ગણે માળા તણા પણ રામ બદલે દામ કહે,
[illegible]

એ રટણ નીશદીન બહુ કરે તીલક લલાટે ખેંચતા
તુજને સમર્પણ સવ છે, કહી એમ દીનને રેંસતા
"હે કૃષ્ણ તારો દાસ હું કરૂં સર્વ તુજ આદેશથી,"
ઇચ્છા પ્રમાણે સર્વ બનતું થાય શું હું શોકથી
છું લક્ષ્મી દેવી દાસ હું સેવા સદાયે પ્રમાણજો;
તવ દાસ વિષ્ણુ સાથ હુ એવું સદાયે માનજો,
લક્ષ્મી અવિચળ છે નહિ ચંચલ સદાયે જાણજો,
છે આજ કોની કાલ કોની સ્થિર નહિ કદી માનજો,
વિનાશ કારણ લક્ષ્મી છે દુઃખનું સદાએ મુળ છે.
વિદ્યાને સંહારનાર જેને તીક્ષ્ણ શુળ છે,
આશા ભયંકર દીસતી અઘેર કરૂં રાજ્ય છે.
નિંદ્રા મહીં પણ શેઠ વદતા દામ દે પ્રભુ દામદે,
ચાવી તીજોરી કેડમાં કસકસ સજડ બાંધી હતી.
પલપલ ફરે ત્યાં હાથ ઉંઘમાં ચાવી કેડે છે નહિ?
સીરપર પટા કાળા ભયંકર મ્હોં બુકાની દીસતી,
વિકરાળ જેનાં વસ્ત્ર હા ભયભીત મુર્તિ શોભતી.
ઝગઝગ ઝગે ખંજર પીપાસુ લોહીનાં હસ્તે ધર્યા,
વિકાળ એવા ચાર માણસ શેઠ ઘરમાં પરવર્યા,
ઉંઘતો હતો ભડકયો નીચે પલમાં ઉઠાડયો તેહને,
ક્યાં છે તીજોરી ધન તણી પળમાં બતાવી દે મને

સત્ય વચનો બોલજે જો પ્રાણની આશા ચહે,
મમ કાર્ય પુરણ પાર પડતાં જગત તું જીવતો રહે.
બેંચો કહે દીન પાંચથી આ પેઢીમાં હું આવ્યો,
હું દીન શું જાણી શકું કયાં ત્રીજોરી આવીયો,
ઉપર સુવે છે શેઠ છે વાકેફ સહુ વાતો થકી
હું તો ફકત સેવક ગરીબ લાવો દયા સૌ મમ થકી,
આ પાપી ચારે માળ ઉપરે મંદ પગલે ચાલીયા,
ત્યાં શેઠ ઉંઘતા ખાટપર ખખડાટ કરી જગાડયા,
પલમાંહિ ઉઠયો શેઠ ચમકી કોણ છો એવું વદયા,
ધીમે ધીમે તું બોલજે ત્યાં પાપી એવું ઓચર્યા,
શા માટે પાપી આવીયા અહિં શું તમારૂં કામ છે,
સંહાર કરવા નીચનો આ હૃદયમાં બહુ હામ છે,
આવીયા જે સ્થળ થકી ઝટ જાવ પાછા ત્યાં સહી,
પોલીસ ખબર આ જાણતા છે જેલ સૌ માટે નકી
પાપી પીશાચો ચારી કોટી ઉપાય પણ મળશે નહિં,
મમ ધન તણા ભંડાર હરવા આશ તવ ફળશે નહિ,
ડરતો નથી તવ તિક્ષણ ખંજર આ છુરીની ધારથી,
તવ મોત નિશ્ચય જાણજે દુઃખ શોક કારાગારથી.

એવું સુણીને એક પાપી શેઠ ઉપર જઈ પડયો.
લતા તણા પ્રહાર કરીને ખુબ તેને આથડયો,
હજુ બોલ ધનપતી જીવન ઇચ્છા જીવવા શું ચ્હાય છે.
મનમાં સમજજે લોભ ધનમાં જીવ તારો જાય છે;
દુખદ સ્થિતી અતી દીન છે કંગાલની આ હિન્દમાં,
બહુ ધનતણા ભંડાર તુજથી પાઈ પણ દેવાયના
અમને દીધું છે પેટ પાપી ભક્ષ તે પણ ચહાય છે,
તુજ લવ પાપ પ્રાયશ્ચિત આ પલમાંહી જીવ તુજ જાય છે;
પણ ધન તણો લોભી જરાએ ટેકમાંથી ના ખસ્યો.
જાતાં જીવન શું સંપતિ આવે કદી સાથે ગણ્યો.
ખંજર ઉગામ્યું તિક્ષણ ત્યાં પ્રાણ ધન પતી ઉડીયા.
આ વિશ્વને અળગું કરીને સ્વર્ગવાસી તે થયા.
ચાવી કમરથી છોડીને પાપી તીજોરી ખોળતા,
પણ બ્હાર કોલાહલ થતાં આ પાપી ઝટપટ દોડતા,
નહિ પાઈ આવી હાથમાં નિર્દોષનું ત્યાં ખુન થયું.
વિશ્વેશનું નિર્માણ જાણ્યું છે કદી પાણું ફર્યું.
પોલીસ પલકમાં આવી ત્યાં ને ચોરને શોધે બહુ
સ્ટેશન ભણીએ [illegible] ત્યાં ના ચાલ્યું.

આપ્યું તમોને વીપુલ ધન કાં દીનને દેતા નહીં.
કંગાલ ભારત વર્ષને કરી દાન કાં ચ્હાતા નહી.
આ દીન હિન્દુસ્તાનના દુશ્મન તમે ધનવાન છો.
કંગાળ કેરી હાય લેનારા સહુ તમો શયતાન છો.
માણસ બની માણસ હ્રદયને દુખ દેનારા તમે
અમને રીબાવી ધન તણો સંચય સદા કરતા તમે,
કરતા મજુરી દીન પણ નહી યોગ્ય બદલો દો તમે
તમ પાપથી આ પાપનાં ભાગી નકી થાશું અમે.
હજુ ચેતજો ધનવાન ભારત વર્ષના આ દ્રશ્યથી.
થાશે તમારી દુર્દશા પણ એકદીન ના દાદ સુણશો દીનની
સંતાન સહુ છો બાપના નહીં ભેદ કાંઇ લગાર છે.
નકિ યોગ્ય બદલો આપવો એ ફર્જ લેખી કરાર છે;
પેદા કરો જો સહું તમે નહિ નીજ કદી પણ જાણજો.
કણ કણ મહિ ઇનામ વાયક સત્ય સહુ પ્રમાણજો,
ધનવાન હોતો દીનના દારિદ્ર દુખને દુર કરો.
કંગાલ વીસ કરોડની એ હાય કંઈ દીલમાં ધરો,
દુખદ સ્થીતી છે હિન્દની ખાવા ન મળતો રોટલો
ઘર ગેરી રખડે દીન ટોળાં સુવા ન મળતો ઓટલો,
નહિ વસ્ત્ર પણ છે અંગ પુરા હા ટાઢમાં તે [illegible]

ધનવાન તારૂં દીલ નીરખી હ્રદય શું કંઈ નહિ દ્રવે,
આપો હજુ આપો તમારા દામને ખર્ચો તમે
દીનમાટ અન્નાલય વસ્ત્રાલય ઉઘાડો સહુ તમે,
આ એજ ભારત વર્ષમાં કર્ણ જે સમ દાની હતી.
મુની વ્યાસ વેદ પુરાણ જાણે દેવ સમ જ્ઞાની હતા,
અર્જુન હતા અને ભીમ સમ શૂરવીર આ હિન્દે હતા
તવ લોભ લક્ષ્મી દેખીને શરમાઈ તે આજે સુતા
ધન માલ નહિ કદી આવશે. આ જીવ જાતાં દેહથી
સઘળું સદાયે જાણજો જીવ દેહ કેરા સ્નેહજી.
હા કાલ તું ધનવાનને સદ્બુદ્ધિ નીત્યે આપજો
ને દીન દુખી કંગાલનાં તું કષ્ટ આખુ કાપજો
કલ્યાણ ભારત વર્ષનું કરજો તમે ત્રાતા સદા.
આ દીન તુજ બાળક તણી હરજો સદાયે આપદા

છોગટલાલ ચુ૦

જુગારી ભરથાર.

(રંગત લંગડી)

પતી હીતકારી પ્રાણપ્યારી આપે અતી પતીને માન,
જાએ જીવથી-સતી તેએ દીએ પતીને જીવતદાન,
એક વાત પ્રખ્યાત કહું હું સુણજો કાન દઇને સૌ સાર,
સામપુરમાં-હતો એક સોમચંદ નામે સાઉકાર,
હતો ધર્મશીલ સુખી અતી પણ પુત્ર વીયોગે દુખી અપાર
રાતને દહાડો પુત્રની યાદમાં ઝુરતા બેઉ નરનાર,

શેર.

તીરથ વરતને માનતાઓ બાધાઓ લીધી ઘણી,

બેન્ડમાઇ.

બીજા ગામમાં કોઇ કન્યા, જન્મી કોઇ શેઠને ત્યાં,
તેની મળી ખબર હ્યાં, દીધો બ્રાહ્મણને પઠાવી,
બ્રાહ્મણ ઘેર શેઠના આવી, સગાઇની વાત જણાવી,
દહી એકાંતે બોલાવી, શેઠેબી ખુશી બતાવી,

છોટી.

કન્યાનું નામ અમરત કરી હતું સવાઇ,
દેવચંદની બ્રાહ્મણે તેથી કરી સગાઇ,

આવ્યો વધામણી લઈ શેઠ કને તે ભાઇ
સમજીને શેઠ શેઠાણી ગયાં હરખાઈ,

દોહા.

એમ કરતાં થયો દેવચંદ પાંચ વરસનો ખાશ,
પછી તેનાં કીધાં લગ્ન થઇ સકલ પુરણ સઉ આશ,
એવાં લગન થયાં ધુમધામથી થયાં ન થશે તેને સમાન,
જાએ જીવથી-સતી તોએ દીએ પતીને જીવતદાન,
એમ કરતાં બે વરસ ગયા, થયા દેવચંદને વરસો સાત,
મુકી નાનો-પુત્રને સ્વર્ગવાસી થયો તેનો તાત,
બીજા વરસ ત્રણ વીત્યા ફરી ગઇ મરી માયાળુ પ્યારી માત,
નાનપણમાં-થયો અતી દુખી શું કહું દુખની વાત,

શેર.

તે દાડેથી બહેકેલો તેના થઈ ગયા કંઇ દોસદાર,
ખાએ પીએ દોસો સાથે રાંડો ઘેર જઇ સાંજ સવાર,
વળી એક બહેકેલ શીખ્યો લાગ્યો રમવાને જુગાર,
ધન તેમાં સરવે ગયો હારી થયો નીરધન અપાર,

બેનભાઇ

સોબતથી બહુ અસર થઇ, દુખી થયો નીરદયને દીલ દઈ,
દોલત તેની તેમાં સઉ ગઈ, પછી મનથી કીધો વીછાર,
ધો મનસુબો મન સંગાત, કાંઈ સસરો ન જાણે વાત,
ારે હું જાઉં રાતોરાત, તેડી લાવું હું મારી નાર.

ભોટી

હવે ન કર વાર, નર લાવ તેડી નારીને;
મારો સસરો મોકલશે તેને સણુગારીને,
દાગીના લુંગડા કાઢી હદશ મારીને,
પછી જુગાર રમીશ હું મનગમતો ધારીને.

દોહા.

એવું વીચારી મન વીષે આવ્યો સસરાને દ્વાર,
જમાઇને જોઇ સાસુ સસરો હરખ્યા અપરમપાર,
પતી વીયોગે સતી હતી તે જોઇ પતીને ભુલી ભાન,
જાણે જીવ્યા-તોએ સતી દીએ પતીને જીવતદાન.—૨
ભાવતા ભોજન કરી જમ્યા સઉ પાન સોપારી બેઠા ખાય
જોઇ જોમને-પતી મુખ હરખ સતીને હઇયે નમાય,
શેઠ કહે ઘણે વરસે તમને જોઇ આ હઇડું અતી હરખાય,
ભલે પધાર્યા-રહો હવે હયાંજ તો મુજ મન પરસન થાય,

શેર,

એમ કરતાં સાંજ થઇ ફરી જમ્યા સઉ રાજી થઇ,
પછી માત તાતના હુકમથી એકાંતે પતી સતી લઇ ગઇ
માથાથી નખ વેર ઉતારે આરતી સતી કર લઇ,
પછી પ્રીતથા બેઠી પતીને લઇ સતી સેજે જઇ,

બેનબાઇ

બેઠા એકાંત માળમાં, પ્રેમથી બેઉ પાસમાં,

રંગાયા રંગ વીલાસમાં, ખોયાતા કંઈ માસ આશમાં
હવી કરજોડી સતી નાર, અહા મમ હીત હઈયાના હાર,
તજો ન મુજને પ્રાણઆધાર, કરો ન આ સંગમ નીરાસ,

છોટી.

અતી દેખાડતી નીત સતી પતીને પ્રીતી,
પ્રીતીને વશ કરી સતી પતીએ જીતી,
ગયા રાજી ખુશીમાં કંઈ દીવસ એમ વીતી,
ભંગ થઇ પતીની મતીને બદલી નીતી,

દોહા.

કહે દેવચંદ નારને કર પ્રીય એક કામ.
કહે તું તારા બાપને જઇએ હવે નીજ ગામ,
રજા બાપ તારો આપે તો રહે જગતમાં મારૂં માન,
જાએ જીવથી-સતી તોય દીએ પતીને જીવતદાન, ૩
બીજે દહાડે માત તાતને કહે કહે સતી અતી કરી રૂદન,
માત તાતજી જશું હવે પતીની જોડે તો કરવા ગમન
માત તાતજી ખુશી થયાં સમજીને પુત્રીના ચાવા વચન,
ભલે પધારો-તમારા વેણ સુણી હરખે તનમન,

શેર.

વીતી ગઇ તે રાત, પ્રેમની પછી થઇ છે સવારજી,
આપ્યાં દાગીના લુગડા પહેરાવ્યા સઉ સણગારજી,
પેરામણી જમાઇને આપી અપરમપારજી;
બેસી એક દાસી દીધી વીદાય કર્યા નરનારજી,

બેનસ્થાઇ.

પતીને મન કપટને ભાર, એવું જાણે શું અબળા નાર,
ચાલી જોડે તે વન મોઝાર, લીધો એક જગે વાસજી,
નારને કહે છે તે ભરથાર, બીક છે વનમાં આ અપાર,
દાગીના લુગડાં ઉતાર, આપ મારી તું પાસજી,

છોટી.

પીયુ પતીને સમજી પ્રાણજીવન તે પ્યારી,
દાગીના લુગડા આપ્યા તરત ઉતારી,
આગળ ચાલતા એક દીઠો કુવો ત્યાં ભારી.
પાણીને બહાને નાંખી કુવામાં નારી,

દોહા.

કુવામાં પડતાને વાર નારને લાગ્યું ઝાડ એક હાથ,
અત્રવચમાં લટકી રહી નાર તે ડાળી સાથ,
દાસીને મારી નાંખી ધન માલ ચાટ્યો લઇ નીરદય જુવાન,
જાયે જીવથી-સતી તોએ દીયે પતીને જીવતદાન
શું અબળાનો વાંક હતો જે એવો નીરદય થયો ભરથાર
નાર કુવામાં-ઝાડની ડાળી પકડી રૂએ ઝ.રોઝાર,
એવામાં એક વણજારાની પોઠ ત્યાં આવી લાગી યાર,
કુવા પાસે-રાત વાસો આવી લીધો તે વાર,

શેર.

રડતી હતી નારી : કરતી રૂદન,

સમજીને ચોરઅમેર બહુ ઉભા કુવાપર સર્વજન,
નારી કહે મને કાઢા ભાઇઓ ઉગારો મુજ અબળાનું તન,
ચોર લોકોએ મને નાંખી કુવામાં હરીને ધન,

બેનમાઇ.

સમજીને બોલ નારના, વીરમે થયા જનો બહારના,
હુકમથી તે સરદારનાં, કાઢી બહાર તે નારરે,
કહે કર જોડી તે સતી, ચોરોએ મને લુટી હતી,
જોઇ ભાગ્યો મારો પતી, મારી દાસીને ઠારરે,

છોટી.

મને મુકો ભાઇઓ ઉજ્જયપા પીતા જ્યાં મારો,
નહી તો મારો મન જીવથી કરો છુટકારો,
બાપ ફેર નજર ટાંઇ કહે લાખો વણજારો,
હાલે મુકીશ હું તુને પીતા જ્યાં તારો,

દોહા.

બીજે દહાડે તે નારને લઇ આવ્યા નીજ ગામ,
પછી નારીએ પીતા તણું દેખાડ્યું નીજ ધામ,
મળી પુત્રી જઇ માત તાતને વણજારાને આપ્યું માન,
જાએ જીવથી–સતી તોય દીયે પતીને જીવતદાન, ૫
કહે પુત્રી સમજો પીતા મને ચોરોએ વનમાં લુટી,
મમ પતી પીયુને–બાંધી લઇ ગયા ચોરો મારી કુટી,

મસીને ખી મારી નાંખી આમ ચારી સરવે દુરી,
મને કુવામાં-પીતાજી ચોરોએ નાખી છુટી,

શેર.

કુવામાં નાંખતા વાર મને એક ઝાડની ડાળી જડી
તે ડાળીમાં લટકી રહી હું રાત દી અતીશે રડી,
એટલામાં આ વણઝારાની પોઠ ત્યાં આવી પડી,
એનીએ મને કાઢી પીતા જેથી મળી હું આ ઘડી,

બેનમાઇ

સમજી પુત્રીના બોલ આમ, આપ્યું વણજારાને ઇનામ,
ફરી વણજારો રામરામ. જતો ખુશી થતો અતી,
માત તાત કહે કુંવરીને, એમ તું ધ્યાન ધરીને,
યાદ ઇશ્વરની કરીને, જેથી મળશે ફરી પતી.

છોટી.

ધન ધન જનુનીને ધનધન એવી સતીને,
નીરદોશ હેરણ્યો જેણે પ્રાણ પતીને,
ધીક્કાર છે એવા નરની હીન મતીને,
જેને જાણી નહિ ઇશ્વરની અંત ગતીને,
હવે વાત કહું દેવચંદની આવ્યો ગામ મોઝાર,
થોડા દિવસમાં ધન સૌ હારી થયો લાચાર,
કર્યો પછી વીચાર કંઇ સસરાને જઇ થાઉં ધનવાન,
[illegible] છાની-[illegible] [illegible] [illegible] સતીને [illegible]

ચાલ્યો કરતો વીચાર મારે તે નાર પણ ગઇ ક્રચે મરી,
સસરા પાસે-કરૂં જઇ ફરેબ ને ધન લાવુ ફરી,
આવ્યો સસરાને દુવાર બેઠીતી નારી બારીએ ધ્યાન ધરી,
ઉતરી નીચે-પતીને લઇ એકાંતમાં સઉ વાત કરી,

શેર

ગભરાશો નહી પીયુ પતી મને દેખીને દુખીયા થતા,
પુછે પીતા મારો તો કેજો ચોરોએ લુટયા હતા,
મને બાંધી લઇ ગયા પછી ભાગ્યો હું આગળ જતા,
હું તો જીવતો આવ્યો અંહી તમ પુત્રી ખોઇ મરવે મતા,

બેનમાઇ

એવું કહ્યું છે મેં આપને, જેવું કહું છઉં હું આપને,
જપો જઇ ખોટા જાપને, જાઓ જલદી ન કરો વાર,
ફરેબથી થઇ ઉદાસજી, આવ્યો સસરાને પાસજી,
જમાંઇને જોઇ ખાસજી, ખુશી થયા તે નરનેનાર,

છોટી

જોઇ પ્રાણપતીને સતી દોડતી આવી,
મળી સતી પતીને આંખોમાં આંસુ લાવી,
જમ્યા ભાવતા ભોજન ખટરસ સરસ બનાવી,
સૌ સાથે બેઠા અતીશે હેત જણાવી,

દોહા

થયા રાત રંગ મહેલમાં ગયા સતી પતી સંગાત,
પણ પાછળથી પતી તણી ન કરી સતીએ વાત,
નરના કહ્યાથી ફરી તે નારે લીધી પતીની રજા નીધાન
જાએ જીવથી–સતી તોયે દીએ પતીને જીવતદાન ૭
લીધા સતી દાગીના લુગડાં ચાલ્યા ન લેશ મનમાં,
નીરદય નરનું–મન ફરી બદલી ગયું વળગ્યું ધનમાં,
ઉતાર્યા દાગીના લુગડા એકાંતે લઇ જઇ વનમાં,
નારને નીચે–પાડી ચાકુ કાઢી મારી તનમાં,

શેર

લોહીની ધારો વહે તે નારીના તનથી અતી,
ધરતીપર અફડાતી પડતી તરફડતી રડતી હતી,
રડતી ડચકા ભરતી ભરતી કહે સતી અહો પીયુ પતી
શું અબળાનો વાંક હતો જે કરી તમે મમ આ ગતી

એનમાઇ

હવે છેલ્લા રહયા છે સાંસ, માટે તમે બેસો મારી પાસ,
જરા થાતા નહિ ઉદાસ, અહો મમ પ્રાણનાથજી,
મુવા પાછી આ મારી લાસ, બાળજો હાથે તમે ખાસ,
તો મને મળશે સ્વર્ગવાસ, બળું જો હું તમ હાથજી.

છોટી

કેઈ વજીર રાજા શીકાર કરતા ફરતા,

આવી લાગ્યા તે જગાપર ફરતા ફરતા,
જોઈ નારીને ભાન તે નરને ધરતા,
કહે નારી રાજાને ડચકા ભરતા ભરતા,

દોહા

શું કામ એને પકડો છો ભાઈઓ છે મારો પતી પીયુ પ્રાણ
મને ચોરો મારી ગયા સત કહું ઈશ્વરની આણ,
એટલુ કહી મરી ગઈ સતી દઈ પ્રાણપતીને મુકતીમાન,
જાએ જીવથી-તોએ દીએ સતી પતીને જીવતદાન, ૮
ધન ધન એના માતપીતાને ધનધન એવી નારીને,
પોતે કાળવશ-થઈ પણ લીધો પતીને ઉગારીને,
ધીકકાર છે એવા નરને ધીકધીક છે એવા જુગારીને,
ધનની કાજે-મારી જેણે અબળા નાર બીચારીને,

શેર.

બાળી પછી તે નારને નરને નમન ચીંતા કસી,
બાંધી દાગીના લુગડાં પછી ચાલ્યો નર આગળ ધસી.
જેમ નારને મન દયા વસી એમ હરીને મન નહી વસી
આગળ જતા તે નરને પગે કાલી નાગણી એક ડંસી,

એનમાઈ

મર્યો નાગણના ઝેરથી. પડયો કરતાના કેરથી,
[illegible]

ડાચું મીસ્તાનું થયું, પારિનું વ્યર્થ ગઉ ગયું,
પડ્યું મન જ્યાં ને ત્યાં રહ્યું, અંતે પડ્યો નર નર્ક મોઝાર.

છોટી

શું શું સતીએ પતીને પ્રીતી જણાવી,
તોએ નીરદય પતીને જરા દયા નહી આવી,
કહે દાદાભાઈ સુજનોને એમ સમજાવી
આ ખ્યાલમાં છે સત ચાર સારની ચાવી,

દોહા.

પહેલી બદ મહોબત વીષે બીજી જુગાર રમત ની.
ત્રીજી સતી સત પ્રીતી ચોથી પુરૂષની એ દમની,
મનીરામ કહે નીરદય પતીએ લીધો સતીનો પ્રાણ નીદાન
જાએ-જીવથી તોય દીએ સતી પતીને જીવતદાન ૯

ગાંધીજીનો જયજયકાર

જગત વ્યાપી હિંસાના યુગમાં શાંતીનો આપ્યો સંદેશ -
ધર્મધુરંધર-કર્મયોગી નર ભયભીરૂવા આવ્યા લવલેશ

મોહ તજી જગને જીતતાથી સત્યના સબળા હથીયાર
કર્મપરાયણ ગાંધી તારો જુગજુગ વ્યાપો જયજયકાર
જેલ તણી જડ કાઢી માડયો કર્મ તણો મધુરો સંન્યાસ
અનુપમે ગૌરવે વહયું ઉરે પણ થયા હિંદ સબળાના દાસ
સ્વતંત્રતા સ્વાશ્રય સેવાના નવયુગના મંત્રો સૃજનાર
કર્મ પરાયણ ગાંધી તારો જુગજુગ વ્યાપો જયજયકાર
દેહ પડી પરહસ્ત ભલે પણ પ્રાણ સદા હરિને સ્મરનાર
થઇ મહિમામય આત્મવિજયથી હિંદ જીત કિરતી વરનાર
શોક અને દુખ દંભ સમ્યા પછી સત્ય વિષે કદી હોય ન હાર
કર્મપરાયણ ગાંધી તારો જગ જગ વ્યાપો જયજયકાર
જયાં વિચર્યા વનરાજ સમા વિર ગુર્જર દેશતણા સંતાન
આત્મ ત્યાગી વિર દયાનંદને કૃષ્ણ તણા જયાં ગરજયા માન
તેજ પુનિત સ્થળના પયગંબર પ્રાણ દઈ કરીયે સત્કાર
કર્મપરાયણ ગાંધી તારો કર્ણિક ઇચ્છે જયજયકાર

ભાગ ત્રીજો છપાય છે
આજેજ મંગાવો.

પાનું	લાઈન	શુદ્ધ	પાનું	લાઈન	શુદ્ધ
૩	૮	માસ	૮	૨	સંગ
૧૦	૧	હાથ	૧૦	૩	શોક
૧૦	૮	ગુણ	૧૩	૧૦	ચાકુ
૧૩	૧૪	સાથ	૧૫	૨	સત્પાત્ર
૧૫	૩	ચાર	૧૫	૧૫	કરીશ
૧૫	૧૬	[illegible]	૧૮	૯	અંત
૧૮	૬૧	તારા	૨૧	૧૭	દેશોદેશ
૨૨	૫	થશે	૨૩	૩	ચતુર
૨૪	૧૦	સમજો	૨૫	૩	સમાન
૨૬	૧	બેસે	૨૭	૯	[illegible]
૨૭	૧૦	હાથ	૨૭	૧૧	[illegible]
૨૮	૧૪	સમજી	૨૮	૧૬	[illegible]
૩૦	૩	અમરત	૩૦	૫	[illegible]
૩૦	૧૪	વિાસ	૩૩	૩	[illegible]
૩૪	૪	સુખ	૩૫	૧૭	[illegible]
૩૬	૯	નહીને	૩૮	૨	[illegible]
૩૯	૯	સવારે	૪૧	૨	કારણ
૪૨	૬	[illegible]	૪૩	૧	અને
૪૪	૫	હીસે	૪૪	૮	કુવી
૪૪	૧૧	કરે	૪૫	૧૪	ધ્યાન
૪૮	૯	મગન	૫૩	૧૩	શીર
૫૪	૩	[illegible]	૫૫	૮	પડેલા
૫૯	૧	[illegible]	૬૨	૧	દોસ્તી
૬૧	૨	પુરુષ	૬૨	૧૦	સાહુકાર
૬૨	૧૬	સાથે	૬૩	૩	અને
૬૪	૪	કરી	૬૬	૧	શેઠ
૭૮	૧૩	વળી	૭૮	૧૫	સોબત
૭૯	૧૬	વિચાર	૮૮	૪	અનુપમગૌરવ

પેજ ૭૭ લાઈન આઠમી

તેથી દયાની દ્રષ્ટી શ્રી દેવે કરી તેના ભણી
ખરશન થયા નરનાર મન પેદા થયો જનનો ધણી
નામ રાખ્યું દેવચંદ કરી યાદ શ્રી દેવો તણી

છપાવી પ્રસિદ્ધ કરનાર

ઠક્કર હરિલાલ જીવણલાલ

તથા

ઠક્કર પ્રાણલાલ જીવણદાસ

નવજીવન પુસ્તકાલય

૬૦ સ્ટેશન રોડ પોલીસ લાઇન સામે સુરત

છાપવાનું ઠેકાણું દરવાજાના ટેકરા ઉપર આવેલા શ્રી લક્ષ્મી
પ્રિન્ટિંગ પ્રેસમાં હીરાલાલ ચંદુલાલે છાપ્યાં

પ્રાર્થના.

કાનુડાતારી કામણ કરનારી
વ્રજમાં વાંસલડી વાગી.
મીઠી વળી મોહક મન વશ કરનારી...વ્રજમાં૦
મન વશ કરનારી સ્વર સુણતાં લાગે સુખકારી,
હું ઘેલી થઇ છું તમવીણ ગિરધારી...વ્રજમાં૦

રાજર્ષી ભર્તૃહરી અને તેમની કન્યા.

મનહર નયન અવલોકતાં હૈ ગાંઠ હૃદયમાં પડતી,



ગાયા નાહિ જગદીશને જગમાં નકામો આ

પીતાજી આ કોપ તમે શો કર્યો ?

જોશી આર્ટ પ્રીંટીંગ વર્કસ, ખજારગેટ, મુંબઈ.